**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**
**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતિયખંડ

પ્રશ્નપત્ર - ૨

(સમય : બપોરે ૨ થી ૫) રવિવાર, ૪ માર્ચ, ૨૦૧૨ કુલ ગુણ : ૧૦૦

**અગત્યની સૂચના**

પ્રશ્નપત્રમાં દરેક પેટા પ્રશ્નની જમણી બાજુ દર્શાવેલ ખાનામાં, લખેલા ગુણની પછીના ખાલી ખાનામાં ( ગુણ : ૧ ) પરીક્ષાર્થીને આપેલ ગુણ લખવાના છે. જો પ્રશ્નનો જવાબ ખોટો હોય તો તે ખાનામાં '0' (આંકડામાં શૂન્ય) લખવું. ખરાં (✔) કે ખોટાં (✗) ની નિશાની દરેક પેટા પ્રશ્નની ડાબી બાજુની ખાલી જગ્યામાં જ -પ્રશ્ન શરૂ થાય તે પહેલાંકરવી.

**વિભાગ : ૧ : 'બ્રહ્મવિદ્યાનું દર્શન' પ્રથમ આવૃત્તિ જુલાઈ-૨૦૦૮ના આધારે**

**પ્ર.૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો. (કુલ ગુણ ૬)**

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**૧.** ૨, ૩ (૯૬-૯૮) **૨.** ૧, ૨, ૪ (૨૮થી ૩૦) **૩.** ૨, ૩ (૧૩૪-૧૩૫)

**પ્ર.૨ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૫)**

**નોંધ : અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ઈશ્વરના ત્રણ દેહ કયા કયા છે ? (૧૨૯)
જ. ઈશ્વરના વિરાટ, સૂત્રાત્મા અને અવ્યાકૃત આ ત્રણ દેહ છે.
૨. જીવના કયા ત્રણ પરિમાણ માનવામાં આવે છે ? (૧૩૭)
જ. જીવના અણુ પરિમાણ, મધ્યમ પરિમાણ અને વિભુ પરિમાણ આ ત્રણ પરિમાણ માનવામાં આવે છે.
૩. ગુણાતીતાનંદ સ્વામીએ જેતપુરના માધા સુથારને પોતાનો સિદ્ધાંત સમજાવતાં શું કહ્યું ? (૩)
જ. 'જેમ નરનારાયણ, લક્ષ્મીનારાયણ, રાધાકૃષ્ણ તેમ સ્વામિનારાયણ છે, અમારું શ્રીજીમહારાજ ભેગું ભજન થાય છે.' તેટલું સમજશો એમાં અમારો સિદ્ધાંત આવી ગયો.
૪. પાંચ નિત્ય તત્ત્વો વિશે શ્રીજીમહારાજે કયા બે વચનામૃતમાં વાત કરી છે ? (૬)
જ. પાંચ નિત્ય તત્ત્વો વિશે શ્રીજીમહારાજે ગ.પ્ર. ૭ અને ગ.અં. ૧૦ આ બે વચનામૃતમાં વાત કરી છે.
૫. ગુણાતીતાનંદ સ્વામીના મતે અવતાર-અવતારીનો ભેદ કેમ સમજવો ? (૪૮-૪૯)
જ. ગુણાતીતાનંદ સ્વામીના મતે અવતાર-અવતારીનો ભેદ 'રાજા ને રાજાનો ઉમરાવ, તીર અને તીરનો નાખનારો, તારા ને ચંદ્રમા એમ ભેદ સમજવો.

**પ્ર.૩ પ્રમાણ પરથી વિષયનું શીર્ષક આપો. (કુલ ગુણ ૫)**

૧. પરબ્રહ્મ કર્તુમ્-અકર્તુમ્ અને અન્યથાકર્તુમ્ શક્તિ ધરાવે છે. (૧૭) **જ. પરબ્રહ્મ : સર્વશક્તિમાન**
૨. ભગવાનના સ્વરૂપમાં સર્વે સુખ ભેળાં રહ્યાં છે. (૧૬)
**જ. પરબ્રહ્મ : સર્વસુખસાગર**
૩. નિશ્ચયની વાર્તા અતિ અટપટી છે, માટે કહેતાં બીક લાગે છે. (૭૩)
**જ. પ્રત્યક્ષ ભગવાનનો નિશ્ચય થવો મહાકઠણ**
૪. એવા અક્ષરધામ સ્વામી મૂળ તો, ગુણાતીતાનંદ છે. (૧૧૬-૧૧૭)
**જ. કાવ્યકુસુમાવલિ (શ્રીજેતપુર મૂર્તિપ્રતિષ્ઠોત્સવ - વર્ણન)**

૫. એ અક્ષર બીજે રૂપે કરીને પુરુષોત્તમ નારાયણની સેવામાં રહે છે. (૧૧૧)

**જ. અક્ષરબ્રહ્મ : અક્ષરધામમાં પરબ્રહ્મના સદા સેવક રૂપે**

**પ્ર.૪ નીચે આપેલા વિષયના ફક્ત તમામ મુખ્ય મુદ્દાઓ જ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધ : અડધા મુદ્દા સાચા લખ્યા હોય તો ૧ ગુણ આપવો.**

૧. પરબ્રહ્મ - સર્વકર્તાહર્તા (૧૯, ૨૪)

જ. (૧) પરબ્રહ્મને સર્વકર્તાહર્તા સમજવાની અનિવાર્યતા (૨) પરબ્રહ્મનું સર્વકર્તાહર્તાપણું

૨. માયા (૧૪૦)

જ. (૧) માયાનું સ્વરૂપ અને તેના ગુણધર્મો (૨) જગતનું સ્વરૂપ

**પ્ર.૫ નીચે આપેલા વિષયો ઉપર મુદ્દાસર નોંધ લખો. (પંદરેક લીટીમાં) (કુલ ગુણ ૧૦)**

**૧. જીવન્મુક્તિ (૧૫૩) અથવા** જીવન્મુક્તિ એટલે દેહ છતાં જ મુક્તિનો અર્થાત્ દુઃખના આત્યંતિક અભાવનો અને બ્રહ્મરૂપે પરમાત્માના સાક્ષાત્કાર તથા દિવ્યાનંદનો અનુભવ. ભગવાન સ્વામિનારાયણે દેહ છતાં જ બ્રાહ્મીસ્થિતિ, મોક્ષ કે પરમપદની પ્રાપ્તિ થાય છે તેવું ઘણાં વચનામૃતો (વચ.સા.૯, અં.૭)માં કહ્યું છે. જીવન્મુક્તને કારણ દેહનો નાશ થયેલો હોવાથી અહંમમત્વરૂપ માયા રહેતી નથી. પરિણામે રાગદ્વેષનો તથા વાસના, સ્વભાવ અને દેહભાવનો પણ નાશ થાય છે. સાથે સાથે પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણની ભક્તિ, સેવા અને ઉપાસનાથી તેમ જ બ્રહ્મસ્વરૂપ પ્રગટ સત્પુરુષની સેવા કરીને પ્રાપ્ત કરેલી પ્રસન્નતાથી સંચિત કર્મોનો નાશ થઈ જાય છે. અહંમમત્વ અને રાગદ્વેષથી રહિત હોવાને લીધે તે ભગવાનની મરજી વિરુદ્ધ ભૂંડું કર્મ તો કરતો જ નથી. (વચ.સા.૧૪, મ.૧૩) ભગવાનની આજ્ઞાથી તેમની પ્રસન્નતાને અર્થે નિષ્કામ ભાવે જે જે કર્મ કરે છે તે ક્રિયમાણ કર્મ ભક્તિરૂપ થવાથી બંધનરૂપ થતાં નથી. (વચ.મ.૧૧) જીવન્મુક્તને પોતાનાં પ્રારબ્ધ કર્મ તો પ્રાયઃ ભોગવવાં પડે છે. જો કે ભગવાન કે ગુણાતીત સંત ધારે તો શૂળીનું દુઃખ કાંટે મટાડી શકે છે. (વચ.પ્ર. ૭૦), ગમે તેવું ભૂંડું પ્રારબ્ધ ટાળીને રૂડું કરી શકે છે. (વચ.પ્ર.૫૮), નરક જેવાં દુઃખોના પ્રારબ્ધનો નાશ કરીને પરમપદ પામ્યાનો અનુભવ કરાવી શકે છે. (વચ.મ.૪૫) જીવન્મુક્ત પોતાને ભોગવવા પડતાં પ્રારબ્ધ કર્મનાં દુઃખ પોતાને વિશે માનતો જ નથી. તેનાથી વ્યથિત અને દુઃખી થતો નથી. તે તો જે કાંઈ પ્રારબ્ધ છે તેને પણ પોતના ઈષ્ટદેવ ભગવાનની ઈચ્છા માને છે. (વચ.અં.૧૩) પોતે તો એમ જ સમજે છે કે ભગવાનની ઈચ્છા વગર કાળ, કર્મ અને માયા પોતાને કાંઈ કરી શકે તેમ નથી. (વચ.પ્ર.૬૩, કા.૮) પોતાનાં પ્રારબ્ધ કર્મો પૂરાં થાય ત્યાં સુધી એ જીવન્મુક્તિની સ્થિતિનો અનુભવ કરે છે. જીવન્મુક્ત ત્રણ દેહ, ત્રણ ગુણ અને ત્રણ અવસ્થાથી પર પોતાના સ્વરૂપને બ્રહ્મરૂપે અતિશય ઉજ્જવળ, પ્રકાશમાન જુએ છે અને તે પ્રકાશ મધ્યે પ્રત્યક્ષ એવા પુરુષોત્તમ ભગવાનની મૂર્તિને જુએ છે. (વચ.પ્ર.૨૩, મ.૬૨) આ રીતે બ્રાહ્મી સ્થિતિને પામેલા જીવનમુક્તને પોતાના બ્રહ્મરૂપ એવા આત્મામાં પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણનો અખંડ સાક્ષાત્કાર રહે છે. તેને જ્ઞાનમય દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થતાં સર્વત્ર પુરુષોત્તમ નારાયણનાં જ દર્શન થાય છે. (વચ.કા. ૬) આ રીતે જીવન્મુક્તને આત્મા-પરમાત્માનો અખંડ સાક્ષાત્કાર વર્તે છે, પરમાનંદનો નિત્ય અનુભવ કરે છે, તેને હવે જગતના કોઈ પદાર્થનો મોહ રહ્યો નથી, વાસના નિર્મૂળ થઈ ગઈ છે, તેથી નિર્વાસનિકપણાનો અનુભવ રહ્યા કરે છે. સર્વત્ર, સદૈવ અને સર્વ પરિસ્થિતિમાં સમતા રહે છે. (વચ. લો.૧૦, મ.૧) આવો ભક્ત ભગવાનની જેમ સ્વતંત્ર થાય છે, અર્થાત્ તેને કોઈ માયિક પદાર્થ બંધન કરવા સમર્થ થતા નથી. (વચ.પ્ર.૬૨, સા.૧૧)

**૨. જીવ : જ્ઞાનસ્વરૂપ અને જ્ઞાનાશ્રય (૧૩૫)** ભગવાન સ્વામિનારાયણની દૃષ્ટિએ જીવ જ્ઞાનસ્વરૂપ પણ છે અને જ્ઞાનાશ્રય એટલે કે જ્ઞાનગુણવાન પણ છે, અર્થાત્ જ્ઞાન એ જીવનું સ્વરૂપ પણ છે અને જીવને આશ્રિત એવો એનો ગુણ યા ધર્મ પણ છે. શિક્ષાપત્રી (શ્લોક :૧૦૫)માં જીવને ચિદ્રુપ કહીને તેના જ્ઞાનસ્વરૂપનો નિર્દેશ કર્યો છે અને જીવને 'જ્ઞાતા' કહી તેને જ્ઞાતૃત્વધર્મવાળો અર્થાત્ જ્ઞાનગુણાશ્રય કહ્યો છે. તેના આ ગુણભૂતજ્ઞાનને અહીં 'જ્ઞાનશક્તિ' કહેલી છે. વળી, વચ.સા.૧૨માં જીવને જ્ઞાનરૂપ(જ્ઞાનસ્વરૂપ), તેમજ વચ.કા.૪ અને અં.૩૯માં જીવાત્માને જાણપણે યુક્ત કહેલો છે. આ 'જાણપણું' એ જ જીવનો 'જ્ઞાન' ગુણ છે. આ 'જ્ઞાન' ગુણ દ્વારા જ જીવ જાણે છે. તેથી વચ.પ્ર.૨૦, કા.૧ વગેરે વચનામૃતોમાં 'જીવ જાણે છે' એમ કહ્યું છે. તેમ જ વચ.પ્ર.૫૭, પં.૩ વગેરે

વચનામૃતો જીવને ક્ષેત્રજ્ઞ(ક્ષેત્રને જાણનારો) કહે છે. આ પ્રકારનાં વચનોમાં જીવને જ્ઞાતા અર્થાત્ જ્ઞાતૃત્વધર્મયયુક્ત કહ્યો છે. જીવ જ્ઞાતૃત્વ-ધર્મયુક્ત છે એટલે તે 'જ્ઞાનગુણ'નો 'આશ્રય' છે એમ કહીશ શકાય. આમ, જીવ જ્ઞાનસ્વરૂપ પણ છે અને જ્ઞાનગુણાશ્રય પણ છે. વળી, જ્ઞાનના પર્યાય તરીકે ચિત, ચેતના કે ચૈતન્ય એવા શબ્દો પણ વચનામૃતમાં અનેકવાર વપરાયા છે. તેથી જ્યાં જ્યાં જીવને ચૈતન્ય, ચૈતન્યરૂપ, ચૈતન્યવસ્તુ કે ચિદ્રુપ કહ્યો હોય. (વચ.સા.-૧, પં.૩, વર.૪) ત્યાં ત્યાં જીવના જ્ઞાનસ્વરૂપનો જ નિર્દેશ છે એમ કહી શકાય. આ 'ચૈતન્ય' ગુણથી યુક્ત હોય તેને ચેતન કહી શકાય. વચ.પં.૩, લો.૧૦માં જીવ 'ચેતન' છે એવો નિર્દેશ જોવા મળે છે. 'ચેતન' શબ્દ દ્વારા જીવ ચૈતન્ય(જ્ઞાન) - ગુણવાન છે એવું જ ફલિત થાય છે. જીવનું સ્વરૂપ અણુપરિમાણ હોવાથી સ્વરૂપતઃ તો હૃદયમાં જ રહે છે, પરંતુ પોતાના જ્ઞાનગુણ દ્વારા સમગ્ર શરીરમાં વ્યાપીને રહે છે. (વચ.અં.૪)

### ૩. શ્રીજીમહારાજનું સમ્યક્ પ્રગટપણું સંત દ્વારા (૮૨) અથવા

ભગવાન સ્વામિનારાયણ સં. ૧૮૮૬ જેઠ સુદ ૧૦ના રોજ પૃથ્વી પરથી અંતર્ધાન થઈને સ્વધામ પધાર્યા. ત્યાર બાદ પ્રગટ કે પ્રત્યક્ષ ભગવાન એટલે કોણ ? કોના દ્વારા પરબ્રહ્મનું પ્રગટપણું સમજવું ? જો એમના અંતર્ધાન થયા પછી તેઓ પૃથ્વી પર અન્ય સ્વરૂપે પ્રગટ ન રહે, તો આત્યંતિક કલ્યાણ માટે એમણે પ્રત્યક્ષ ભગવાનની જે અનિવાર્યતા સમજાવી છે તે નિરર્થક ઠરે. તેથી પૃથ્વી પર ભગવાનનું પ્રત્યક્ષ સ્વરૂપ સદૈવ રહેવું જોઈએ એ નિશ્ચિત સિદ્ધાંત ઠરે છે. તો પછી ભગવાન જ્યારે સ્વયં પ્રગટ ન હોય ત્યારે તેઓ કોના દ્વારા પ્રગટ રહે છે ? વચનામૃતનો સંપૂર્ણ અભ્યાસ કરવાથી ખ્યાલ આવે છે કે ભગવાન સંત દ્વારા પ્રગટ રહે છે. શ્રીજીમહારાજ કહે છે : **વર.૧૯** - ''આ જીવને જ્યારે ભરતખંડને વિશે મનુષ્યદેહ આવે છે ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ જીવ ભગવાનનો ભક્ત થાય છે.'' વર.૧૦ - ''ભગવાન જ્યારે પૃથ્વીને વિશે પ્રત્યક્ષ ન હોય ત્યારે તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો, તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.'' ઉપરોકત બે સંદર્ભો પરથી ખ્યાલ આવે છે કે ભગવાન જ્યારે સ્વયં પ્રત્યક્ષ ન હોય ત્યારે તે સંત દ્વારા પ્રત્યક્ષ રહે છે. આ જ અનુસંધાનમાં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : ''પંચાળાના વચનામૃતમાં કહ્યું છે જે, 'જેમ જેમ ભગવાનનો સંબંધ રહે તેમ તેમ સુખ થાય છે, તે ભગવાન પરોક્ષ હોય ત્યારે કેમ સંબંધ રહે ? પછી ઉત્તર કર્યો જે, 'કથા, કીર્તન, વાર્તા, ભજન ને ધ્યાન તેણે કરીને સંબંધ કહેવાય. ને તે કરતાં પણ મોટા સાધુનો સંગ એ તો સાક્ષાત્ ભગવાનનો સંબંધ કહેવાય ને ભગવાનનું સુખ આવે. કેમ જે, તેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યાં છે. ને પ્રત્યક્ષ હતા ત્યારે પણ જેવા છે તેવા ન જાણ્યા તો સંબંધ ન કહેવાય ને એમ જાણ્યા વિના તો પ્રત્યક્ષ હોય તોપણ શું ! ને તેમજ જે સંતમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા છે તેને જાણે તો આજે પ્રત્યક્ષ છે ને એમ જાણ્યા વિના તો આજે પરોક્ષ છે.' ત્યારે એક સાધુએ કહ્યું જે ''મૂર્તિયું પ્રત્યક્ષ નહિ ?'' ત્યારે સ્વામી બોલ્યા જે, ''પ્રત્યક્ષ ભગવાન તથા સંતના ચરિત્રમાં મનુષ્યભાવ આવે તો અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે ઘટી જાય છે ને દિવ્યભાવ જાણે તો બીજના ચંદ્રમાની પેઠે વધે છે. તેમ મૂર્તિયું શું ચરિત્ર કરે જે તેનો અવગુણ આવે ને ઘટી જાય ? માટે બોલતા-ચાલતા જે ભગવાન તે જ પ્રત્યક્ષ ભગવાન કહેવાય. ને મોટા સંત હોય તે જ મૂર્તિયુંમાં દૈવત મૂકે છે પણ મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ મળીને એક સાધુ ન કરે ને એવા મોટા સંત હોય તો મૂર્તિયું, શાસ્ત્ર ને તીર્થ ત્રણેને કરે. માટે જેમાં ભગવાન સર્વ પ્રકારે રહ્યા હોય એવા જે સંત તે જ પ્રત્યક્ષ ભગવાન છે. (સ્વા.વા. ૫/૩૯૫) ભગવાન સ્વામિનારાયણ સ્વયં પણ સંત દ્વારા જ ભગવાનના પ્રત્યક્ષપણાની વાતો કરે છે : **પ્ર.૨૭** - ''એવી જાતના જ્ઞાન, ભક્તિ, વૈરાગ્યાદિક જે અનંત શુભ ગુણ તેણે યુક્ત જે ભક્ત તેના હૃદયમાં ભગવાન નિવાસ કરે છે. પછી તે ભક્ત જે તે ભગવાનને પ્રતાપે કરીને અનંત પ્રકારનાં ઐશ્વર્યને પામે છે, ને અનંત જીવના ઉદ્ધારને કરે છે. ....એ સમર્થ તો કેવા જે, એનાં નેત્રમાં ભગવાન જોનારા છે તે માટે બ્રહ્માંડમાં જેટલા જીવ-પ્રાણી છે તેનાં નેત્રને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. અને એના પગમાં ચાલનારા ભગવાન છે તે માટે બ્રહ્માંડમાં સર્વજીવના પગને વિશે ચાલવાની શક્તિને પોષણ કરવાને એ સમર્થ થાય છે. એમ એ સંતની સર્વે ઇન્દ્રિયોમાં ભગવાન રહ્યા છે, તે માટે એ સંત તો બ્રહ્માંડમાં સર્વે જીવોનાં ઇન્દ્રિયોને પ્રકાશ કરવાને સમર્થ થાય છે. માટે એ સંત તો સર્વ જગતના આધારરૂપ છે.'' **સા.૧૦** - ''એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે, 'મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયું.'' **અં.૩૫** - ''આવે છ લક્ષણે યુક્ત જે સાધુ હોય તેના હૃદયમાં સાક્ષાત્ ભગવાન વિરાજમાન છે એમ જાણવું.'' ભગવાન સ્વામિનારાયણનાં અનેકાનેક ઉપદેશ-વચનોમાંથી ઉપરોક્ત કેટલાક સંદર્ભો પરથી ખ્યાલ આવે

છે કે ભગવાનનું પ્રગટપણું સંત દ્વારા જ છે. એમણે સંત દ્વારા પોતે સાક્ષાત્ પ્રગટ છે એવી વાતો કરેલી, તે સદ્. નિષ્કુળાનંદ સ્વામીએ પુરુષોત્તમપ્રકાશમાં નીચે પ્રમાણે નોંધી છે :

સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે.
સંત બોલે તે ભેળો બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે;
સંત વાત ભેળી કરું વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાત્ રે.
સંત જુવે તે ભેળો હું જોઉં રે, સંત સુતા પછી હું સોઉં રે;
સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું રે.
સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે કેડ્યે હું ભમું રે;
સંત દુઃખાણે હું દુઃખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે.
સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે;
સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતિ રે. (પુરુષોત્તમપ્રકાશ : ૪૧)

જે સંત દ્વારા શ્રીજીમહારાજ સાક્ષાત્ પ્રગટ છે. એવા સંતનો મહિમા વર્ણવતાં ગુણાતીતાનંદ સ્વામી કહે છે, ‘‘મોટા છે, ભગવાનના મળેલા છે, ભગવાનના વચનમાં વર્તે છે, ભીડો ખમે છે, ભગવાન એને વશ છે, ભગવાન એ કહે એમ કરે છે, ભગવાન એ કહે એમ ફરે છે, ભગવાને એણે જીત્યા છે, ભગવાનના અભિપ્રાયના જાણનારા છે, મોક્ષના દાતા છે, એને દર્શને ભગવાનનું દર્શન થયું, એને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા, ગર્ભવાસ, જમપુરી ને ચોરાશીથી મુકાવે છે ને વિહદ જે ભગવાનનું અક્ષરધામ તેને પમાડે છે ને ભગવાનના સાધર્મ્યપણાને પમાડે છે, એવા એ મોટા છે. એના વિના ભગવાનને ચાલતું નથી, એના દર્શને પંચમહાપાપ બળી જાય છે, એની ઇન્દ્રિયોની ક્રિયાએ કરીને બ્રહ્માંડ સચેતન થાય છે, એનાથી કાળ, કર્મ ને માયા થરથર કંપે છે. જેમ દેહને પૂજ્યે જીવ પૂજાઈ રહ્યો, તેમ આ સાધુને પૂજ્યે ભગવાન પૂજાઈ રહ્યા. એ અન્નદાતા છે, અંતર્યામી છે, સર્વજ્ઞ છે, એનું કર્યું થાય છે, ને એ મનુષ્ય જેવા દેખાય છે પણ મનુષ્ય જેવા નથી. ભગવાન એના ભેળા રહ્યા છે, અવિનાશી ધામને પમાડે છે. કર્તા થકા અકર્તા છે, વૃક્ષની પેઠે એનો દેહ પરને અર્થે છે. સંતનાં લક્ષણ કહ્યાં છે એવા છે. ‘કામિલ કાબિલ સબ હુન્નર તેરે હાથ’ એવા છે. આ પ્રકારે મહિમા સમજવો કહ્યો છે. (સ્વા. વા. ૪/૧૪૩)

### ૪. પરબ્રહ્મને દિવ્ય સમજવાની અનિવાર્યતા (૮૭)

પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ અને તેઓ જેમના દ્વારા સાક્ષાત્ પ્રગટ છે એવા ગુણાતીત સંતને દિવ્ય-નિર્દોષ સમજવા આવશ્યક જ નહિ, પરંતુ અનિવાર્ય છે. તેમને નિર્દોષ સમજવાથી લાભ અને ન સમજવાથી ખોટ વિશે મહારાજે કહેલાં વચનોને ભાવાર્થ રૂપે જોઈએ.

**દિવ્ય-નિર્દોષ સમજવાથી લાભ : ૧.** ભગવાન અને મોટા સંતને અતિશય નિર્દોષ સમજે તો પોતે પણ અતિશય નિર્દોષ થઈ જાય છે. (વચ.પ્ર.૨૪, ૫૮) **૨.** ભગવાનનાં ચરિત્રોને કલ્યાણકારી સમજવાં એ જ ભક્તનો ધર્મ છે, અને એવું સમજે તે જ ભગવાનનો પૂરો ભક્ત કહેવાય છે. (વચ.પ્ર. ૭૨) **૩.** જે ભગવાનને નિર્દોષ જાણે તે જ માયાને તરે છે. (વચ.લો.૪, વર. ૫) **૪.** ભગવાનનાં પ્રાકૃત ચરિત્રોમાં દિવ્યભાવ રાખવો એ જ ભક્તિ છે, આવી ભક્તિ કરનાર જ ભક્ત કહેવાય અને તે જ પરમપદને પામે છે. (વચ.મ.૧૦) **૫.** પંચવિષય કે કામાદિક સ્વભાવ જીત્યામાં પ્રયાસ કરવો ન પડે, સહેજે જિતાઈ જાય. (વચ.મ.૧૩) **૬.** ભગવાનને અજર-અમર સમજે તે કર્મ-ચોરાશી થકી મુકાઈ જાય છે. (વચ.અમ. ૫) ગુણાતીતાનદ સ્વામી પણ પોતાની વાતોમાં કહે છે : દિવ્યભાવ ને મનુષ્યભાવ એક થઈ જાય ત્યારે ભગવાન ભજવાનું સુખ આવે. (સ્વા. વા. ૫/૧૦૧) **૭.** પ્રગટ ભગવાનને નિર્દોષ સમજ્યેથી કાંઈ કરવું બાકી રહેતું નથી.... ભગવાનને નિર્દોષ સમજ્યાથી નિર્દોષ થઈ રહ્યો છે. (સ્વા.વા. ૫/૧૨૫)

**દિવ્યભાવ ન સમજવાથી (મનુષ્યભાવ પરઠવાથી) ખોટ :** શ્રીજીમહારાજ નીચેનાં વચનામૃતોમાં ભગવાનને વિશે મનુષ્યભાવ પરઠવાથી સાધકને સાધનામાં શું નુક્સાન જાય છે, કેવાં વિઘ્નો આવે છે, તે સમજાવે છે. **૧.** જે ભગવાન અને સંતને વિશે કામાદિક દોષ કલ્પે છે, તેમાં તે દોષ આવે છે. (વચ.પ્ર.૨૪, ૫૮) **૨.** ભગવાનમાં કુતર્ક થાય તો માયાને ન તરાય. (વચ.લો.૪) **૩.** દિવ્યભાવ ન સમજે તો વાતે વાતે ધોખો થાય, ગુણ-અવગુણ પરઠ્યા કરે, ને અંતર દિવસે દિવસે પાછું પડે અને અંતે વિમુખ થાય. (વચ.લો.૧૮) **૪.** જેને ભગવાનને જાણ્યામાં સંશય હોય ને તે જો ઊર્ધ્વરેતા બ્રહ્મચારી હોય, મહાત્યાગી હોય તોપણ તેનું કલ્યાણ થવું અતિ કઠણ છે.

(વચ.પં.૭) **૫.** ભગવાનના સ્વરૂપને સમજવામાં કોઈ રીતની કસર રહી જાય તો કોઈ રીતે વાંધો ભાંગે નહિ. (વચ.મ.૧૩) **૬.** ભગવાનને વિશે દોષબુદ્ધિ કરશે તેને ભૂંડા ઘાટ થશે ને તેને દેહ મૂક્યા સમે બહુ કષ્ટ થશે. (વચ.મ.૩૩) **૭.** ભગવાનનો અભાવ આવે તો પૂર્ણમાસીના ચંદ્ર જેવો જીવ અમાવાસ્યાના ચંદ્ર જેવો થઈ જાય, કલ્યાણના માર્ગમાંથી પડી જાય, વિમુખ થયા વિના રહે નહિ. (વચ.વર.૧૨) **૮.** ભગવાનને વિશે મરણભાવ પરઠે તેને ચોરાસી અને યમપુરીનાં દુઃખનો પાર આવતો નથી. (વચ.અમ.૪)

**પ્ર.૬ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર વિસ્તૃત નોંધ લખો. (પચ્ચીસ થી ત્રીસ લીટીમાં) (કુલ ગુણ : ૧૦)**

**૧. સર્વોપરીપણાની નિષ્ઠા માટે શ્રીજીમહારાજનો આગ્રહ (૩૭)**

જ. જીવના આત્યંતિક મોક્ષ માટે શ્રીજીમહારાજને સર્વોપરી, સર્વાવતારીના અવતારી અને અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમ નારાયણ છે, એવી સમજણ મુમુક્ષુ માટે અનિવાર્ય છે. શ્રીજીમહારાજે પણ પોતાનું સ્વરૂપ સમજાવતાં ગ.મ.૧૩માં કહે છે, 'હે સંતો ! જે મોટેરા મોટેરા હો ને વાતમાં સમજતા હો તો આગળ બેસો, ને આ એક વાત કરું છું તે સર્વે ચિત્ત દઈને સાંભળજો અને આ જે મારે વાત કરવી છે તે કાંઈ દંભે કરીને નથી કરવી તથા માને કરીને નથી કરવી તથા પોતાની મોટ્યપ વધારવા સારુ નથી કરવી. એ તો એમ જાણીએ છીએ જે, 'આ સર્વે સંત તથા હરિભક્ત છે તેમાંથી એ વાત કોઈને સમજાઈ જાય તો તેના જીવનું અતિ રૂડું થાય', તે સારુ કરીએ છીએ. અને આ જે વાત છે તે મારી દીઠેલી છે ને મારા અનુભવે કરીને પણ મેં સિદ્ધ કરી છે અને સર્વ શાસ્ત્રમાં પણ મળતી આવે છે અને તે એ વાત સભામાં કર્યા જેવી નથી તોપણ સભામાં કરીએ છીએ.' 'આ વાતને નિત્ય નવી ને નવી રાખજો, પણ ગાફલપણે કરીને વિસારી દેશો મા. આજ છે તેવી જ કાલ નવી રાખજ્યો અને તેવી જ દેહનો અંત થાય ત્યાં સુધી પણ દિન દિન પ્રત્યે નવી ને નવી રાખજ્યો અને જે જે ભગવાનની વાત કરો તે તે વાતને વિશે આ વાતનું બીજ લાવજ્યો, એમ અમારી આજ્ઞા છે. અને આ વાર્તા તો એવી જીવનદાર છે જે, દેહ રહે ત્યાં સુધી પણ નિત્ય પ્રત્યે કરવી અને દેહ મૂકીને ભાગવતી તનુએ કરીને પણ આ જ વાર્તા કરવી છે.'

**પ્રસંગો : (૧)** સત્સંગીજીવન ગ્રંથ મહારાજને સર્વોપરી લખવામાં નિત્યાનંદ સ્વામીને મહારાજે જ બધા સાથે ભળીને એકલા પાડી દીધા તો પણ સ્વામી અડગ રહ્યા. ત્યારે મહારાજે તેમની પ્રશંસા કરતાં સંતોને કહ્યું : 'હે પરમહંસો ! આ નિત્યાનંદ સ્વામીનો અમે આટલો અનાદર કરીને અપમાન કર્યું. અમે પોતે સમજાવ્યા છતાં તેઓ પોતાના નિશ્ચયમાં અડગ રહ્યા. માટે આ નિત્યાનંદ સ્વામીની સમજણ સર્વોપરી છે. અને ઉપાસક તો આવા જ હોવા જોઈએ. માટે તમારે સર્વેએ એ સમજે છે તેમ સમજવું.' **(૨)** વઢવાણમાં નિત્યાનંદ સ્વામીએ મુક્તાનંદ સ્વામીને પૂછ્યું : 'સ્વામી ! આપણે મહારાજને કેવા જાણવા ?' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : મહારાજ તો વૃષ્ણિકુળમાં પ્રગટ થયેલા શ્રીકૃષ્ણ વાસુદેવ છે. આજે બ્રાહ્મણકુળમાં સ્વયં આપણા માટે પ્રગટ થયા છે. ત્યારે નિત્યાનંદ સ્વામીએ કહ્યું - 'શ્રીકૃષ્ણ વાસુદેવથી પર અને તેના પણ કારણ એવા અક્ષરાતીત મહારાજ પુરુષોત્તમ નારાયણ છે. હું તો આમ સમજું છું. અને મહારાજે પણ ખુલ્લે ખુલ્લી અને ગર્ભિત રીતે આ વાત કરી છે.' પરંતુ મુક્તાનંદ સ્વામીના અંતરમાં આ વાત ન બેસતાં આ પ્રશ્ન બ્રહ્માનંદ સ્વામીનો પૂછ્યો તો બ્રહ્માનંદ સ્વામીએ બંનેની સમજણ સાચી ઠરે તેવો ઉત્તર કર્યો. નાગડકામાં આ જ પ્રશ્ન મહારાજને પૂછતાં મહારાજે કહ્યું 'નિત્યાનંદ સ્વામી સમજે છે તેમ સમજો.' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'આ વાત શાસ્ત્રમાં હશે?' ત્યારે મહારાજે કહ્યું : 'શાસ્ત્રો તો કોઈ મોટાં પુરુષોએ રચ્યાં હશે. તે ઋષિમુનિઓએ જે આગળ લખ્યું હોય તે સત્ય, અને અમે કહીએ તે સત્ય નહિ, એમ ને ? એટલે હવે જ્યારે શાસ્ત્ર અમને સર્વોપરી ભગવાન કહે ત્યારે તમે અમને સર્વોપરી ભગવાન માનજો.'' ત્યારે મુક્તાનંદ સ્વામીએ કહ્યું : 'અમે શાસ્ત્રોની તંતીમાં બંધાયેલા એટલે શાસ્ત્રનો વિશ્વાસ આવે અને આપ પ્રગટ પ્રમાણ કહો તે ન મનાય. પરંતુ આજથી હું આપના વચને આપને સર્વોપરી સર્વ અવતારના અવતારી પ્રગટ પ્રભુ માનીશ. (નિર્ગુણદાસ સ્વામીની વાતો-૮૯) **(૩)** અમદાવાદમાં નરનારાયણની પ્રતિષ્ઠા વખતે મહારાજે આનંદાનંદ સ્વામીને કહ્યું : 'અનંત નરનારાયણ, કૃષ્ણનારાયણ, લક્ષ્મીનારાયણ અને વાસુદેવ નારાયણ આ પ્રગટ સ્વામિનારાયણની ઉપાસના-ભક્તિ કરે છે. અમારા સ્વરૂપની એ મહત્તા અત્યારે સૌ ભૂલી ગયા. સૌને સહેજે પરોક્ષ સ્વરૂપમાં પ્રીતિ થાય, પરંતુ એ વિભૂતિ-સ્વરૂપ છે, ભરતખંડના દેવ છે. પરંતુ સૌ કારણને ભૂલી ગયા, કાર્યમાં જોડાઈ ગયા.' (ગો. સ્વા.વા. :૧/૧૫૪) **(૪)** મહારાજે વરતાલમાં મધ્યમંદિરમાં પોતાની જ મૂર્તિની પ્રતિષ્ઠા

કરવાનો દૃઢ નિશ્ચય કરી લીધો હતો, કારણ કે તેમને એ સમજાવવું હતું કે હું પોતે ભગવાનનાં અન્ય અવતારો અને સ્વરૂપોથી તત્ત્વતઃ ભિન્ન અને પર છું. તેથી નરનારાયણ અને લક્ષ્મીનારાયણની મૂર્તિમાં પોતાનો સમાવેશ થઈ જતો નથી. પોતાની જુદી જ મૂર્તિની પ્રતિષ્ઠા મધ્યમંદિરમાં થાય તો જ સર્વોપરી શુદ્ધ ઉપાસનાની શરૂઆત થાય. તેમ છતાં સૌની લાગણી વિશેષ ન દુભાય, તે માટે મધ્ય મંદિરને બદલે દક્ષિણ મંદિરમાં 'હરિકૃષ્ણ મહારાજ'ના નામે પોતાની મૂર્તિ પ્રતિષ્ઠિત કરી. મૂર્તિની પ્રતિષ્ઠા પછી આ જ મૂર્તિ સર્વોપરી છે અને તેથી આ જ મૂર્તિ ધ્યેય અને ઉપાસ્ય છે, એવો નિર્દેશ કરીને, આ થકી જ સૌનું કલ્યાણ થશે, એમ કહ્યું.

પ્રાસાદની દક્ષિણ દિશમાંય, મૂર્તી હરીકૃષ્ણ તણી તહાંય,
સ્થાપીત થૈને કરશે નિવાસ, એવી થઈ વાત બધે પ્રકાશ
જે મૂર્તિનું ધ્યાન ધરી હમેશ, સત્સંગિ સૌ ચિંતવશે વિશેષ,
સર્વોપરી ઈષ્ટ છબી ગણાશે, પ્રેમે પૂજા માનસિ તો કરાશે.
પ્રત્યક્ષ મૂર્તિ નહિ પ્રાપ્ત જેને, તે મૂર્તિ તો જીવનદોરિ તેને,
એનો જ મોટો મહિમા મનાશે, કલ્યાણ તો તેહ થકી જ થાશે. (શ્રીહરિલીલામૃત : ૮/૨૭)

**(૫)** વરતાલમાં મહારાજે સદ્‌ગુરુઓને કહ્યું : 'અમે રોજ લક્ષ્મીનારાયણ દેવની એકસો ને આઠ પ્રદક્ષિણા કરીએ છીએ, તે એટલા માટે કે લોકોમાં ભક્તિભાવ અને મહિમા વધે અને તમો બધા અનન્ય ભક્ત બનો.' તે સાંભળી બ્રહ્માનંદ સ્વામીએ પૂછયું, 'મહારાજ ! અમે શું એવા અનન્ય ભક્ત નથી થયા ?' એટલે મહારાજે કહ્યું, ''ભક્ત તો થયા છો, પણ અનન્ય નહિ. જેને અમારા સિવાય બીજાનો આશ્રય ન રહે તે અનન્ય ભક્ત કહેવાય. (શ્રીહરિની અદ્‌ભુત વાર્તાઓ-૧૭૬) **(૬)** આપણે સૌ જાણીએ છીએ કે સદ્. ગોપાળાનંદ સ્વામી મહારાજને સર્વોપરી સમજતા તો હતા જ, પરંતુ આ શ્રોતાવર્ગ આ વાતને પચાવી નહિ શકે, તેમને કદાચ અવળું પડશે, એ ભયથી તેઓ નિધડકપણે મહારાજના સર્વોપરીપણાની વાતો જાહેરમાં કરતા ન હતા. તેથી મહારાજે તેમને દર્શન દઈને ટકોર કરતાં કહ્યું હતું કે જો અમારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો તો આ ને આ દેહમાં હજાર વર્ષ સુધી રાખીશું. (સ્વા.વા. ૬/૩૩) **(૭)** મહારાજે સંતોને કહ્યું : 'સર્વાવતારધર્તા સર્વકારણ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ શ્રીકૃષ્ણ એવો હું તમને મળ્યો છું, એવી મારા સંબંધી નિશ્ચયની વાત કેમ કરતા નથી ? ત્યારે મેં કહ્યું, ''કુંભારના ચાકની પેઠે કહેવાનો વેગ તો અંતરમાં આવે છે, પણ આપની આજ્ઞા આડી આવતી હોવાથી કહી શકાતું નથી.'' આવું મારું વચન સાંભળીને મહારાજે કહ્યું, ''આજથી રાજાથી રંક સુધી સૌને પ્રત્યક્ષ પુરુષોત્તમ નારાયણ શ્રીકૃષ્ણ છે', એવી વાત કરજ્યો.'' એક સંતના મનનો ઘાટ અંતર્યામીપણે જાણતાં, મહારાજે કહ્યું કે બંધીખાને નાખનારા કે હાથીના પગે બાંધનારામાં કોણ રહ્યો છે ? હું જ રહ્યો છું, તો હવેથી સુખેથી આ રીતની સર્વોપરીપણાની વાત કરજ્યો. સૌ સંતો ભક્તો શ્રીજીમહારાજના સર્વોપરીપણાની દૃઢતા કરે અને કરાવે એ માટે એમનો અત્યંત આગ્રહ હતો, કારણ કે સૌ એમનું સર્વોપરીપણું સમજે તો જ આત્યંતિક કલ્યાણ શક્ય બનવાનું છે. તેથી જ તો મહારાજે સૌ સંતો-ભક્તોને જૂનાગઢ જઈને એક માસ ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવાની આજ્ઞા કરી હતી, કારણ કે ગુણાતીતાનંદ સ્વામી સાક્ષાત્ અક્ષરબ્રહ્મનો અવતાર હોવાથી શ્રીજીમહારાજના હૃદગત્ અભિપ્રાય અને સિદ્ધાંતને યથાર્થ જાણતા હતા. વળી, એમને મહારાજના સર્વોપરીપણાની વાતો કરવામાં લોકલાજ કે શાસ્ત્રની તંતી નડતી ન હતી.

## ૨. અક્ષરબ્રહ્મના સ્વરૂપને સમજવાની અનિવાર્યતા : પરબ્રહ્મના યથાર્થ નિશ્ચય માટે. (૯૬)

જ. ભગવાન સ્વામિનારાયણે આત્યંતિક મુક્તિની સાધનામાં જેમ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણના સ્વરૂપને યથાર્થ સમજવાની અનિવાર્યતા સમજાવી છે, તેમ અક્ષરબ્રહ્મના સ્વરૂપને પણ યથાર્થ સમજવાની અનિવાર્યતા દર્શાવી છે. તેમણે મુખ્યત્વે તો પરબ્રહ્મના યથાર્થ નિશ્ચય માટે તેમજ બ્રહ્મરૂપ-અક્ષરરૂપ થવા માટે અક્ષરબ્રહ્મની અનિવાર્યતા જણાવી છે. આ મુદ્દાને નીચે મુજબ સમજીએ :

**પરબ્રહ્મના યથાર્થ નિશ્ચય માટે :** આપણે પરબ્રહ્મતત્ત્વના નિરૂપણમાં સમજી ચૂક્યા છીએ કે આત્યંતિક મુક્તિ માટે પરબ્રહ્મના સ્વરૂપને તત્ત્વે સહિત યથાર્થ સમજવું ફક્ત આવશ્યક જ નહિ પણ અનિવાર્ય છે, પરંતુ પરબ્રહ્મના સ્વરૂપનો યથાર્થ નિશ્ચય થવો અતિ કઠણ છે. (વચ.લો.૧૮) કારણ કે આપણાં ઈન્દ્રિયો-અંતકરણ માયિક છે અને ભગવાન અમાયિક છે. (વચ.પ્ર.૫૧, કા.૧) તેથી પરબ્રહ્મ આપણાં માયિક ઈન્દ્રિયો-અંતકરણથી અગોચર છે.

(વચ.પ્ર.૭૮, પં.૪) તેથી શ્રીજીમહારાજ વચનામૃતમાં સમજાવે છે કે પરબ્રહ્મના સ્વરૂપને યથાર્થ સમજવા માટે શાસ્ત્ર અને સંત જરૂરી છે. શાસ્ત્રની આવશ્યકતા સમજાવતાં તેઓ વચ.સા. ૧૩માં કહે છે, ''જેને ભગવાનનો નિશ્ચય થાય છે તે શાસ્ત્રે કરીને જ થાય છે.... જેને શાસ્ત્રના વચનમાં વિશ્વાસ હોય તેને જ ભગવાનના સ્વરૂપનો નિશ્ચય અડગ થાય છે.'' પરંતુ શાસ્ત્રોમાં તો અનેક પ્રકારના શબ્દો હોય છે. તેથી શાસ્ત્રમાં જ્યાં જ્યાં અધ્યાત્મવાર્તા આવે છે તે કોઈને સમજાતી નથી અને ભ્રમી જવાય છે. (વચ.પ્ર. ૭), કારણ કે શાસ્ત્રમાં જે શબ્દ છે તે એકાંતિક ભક્ત વિના બીજાને સમજાતા નથી. (વચ.પ્ર.૬૬), માટે જેને પરમેશ્વરની ભક્તિ ન હોય તેને તો ભગવાનનું સ્વરૂપ શ્રીમદ્ભાગવતમાંથી પણ નિરાકાર સમજાય છે. (વચ.મ.૧૦), કારણ કે જેને ભગવાનના સ્વરૂપમાં સદા દિવ્ય-સાકારપણે ઉપાસનાની દૃઢ નિષ્ઠા થઈ હોય તે થકી જ તેવી નિષ્ઠા પમાય છે. પણ બીજા થકી તો પમાતી જ નથી. (વચ.પ્ર.૬૪), તેથી માહાત્મ્ય સહિત ભગવાનનો નિશ્ચય જેને ન હોય તેના મુખ થકી ગીતા, ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું ભૂંડું થાય છે. (વચ.વર.૧૨) વચનામૃતના આ બધા સંદર્ભો દ્વારા મહારાજ એ કહેવા માંગે છે કે સત્શાસ્ત્રને સમજાવનારા એકાંતિક સત્પુરુષ મળે તો જ ભગવાનનું સ્વરૂપ જેમ છે તેમ સમજાય. તેથી જ તો મહારાજ વચ.મ.૧૩માં કહે છે, ''આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહિ. અને સદ્ગ્રંથોમાં આવી વાર્તા તો હોય, પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્ગ્રંથોમાંથી પણ સમજાતી નથી.'' અહીં જે સંત યા સત્પુરુષ થકી પરબ્રહ્મના સ્વરૂપને સમજવાની વાત કરી છે, તે સત્પુરુષ એટલે બીજું કોઈ જ નહિ પણ સાક્ષાત્ અક્ષરબ્રહ્મ. અક્ષર બ્રહ્મસ્વરૂપ સંતની જ આ વાત છે, કારણ કે પરબ્રહ્મનો તત્ત્વે સહિત યથાર્થપણે નિશ્ચય જેવો અક્ષરબ્રહ્મ થકી થાય, તેવો તો અન્ય કોઈ થકી થઈ શકે નહિ. આમ. પરબ્રહ્મનો યથાર્થ નિશ્ચય અક્ષરબ્રહ્મ થકી જ થઈ શકે, કારણ કે અક્ષરબ્રહ્મ અનાદિકાળથી માયાપર હોવાથી તે પરબ્રહ્મની સૌથી વધુ નિકટ છે, તેથી પુરુષોત્તમનો જેવો અને જેટલો મહિમા અક્ષરબ્રહ્મ જાણે, તેવો અને તેટલો મહિમા અન્ય કોઈ ન જાણી શકે. વળી, અક્ષરબ્રહ્મમાં જ સૌથી વધુ સમ્યક્પણે પરબ્રહ્મ રહેતા હોવાથી અક્ષરબ્રહ્મનું જેવું સામર્થ્ય છે તેવું તો અક્ષરમુક્તમાં પણ નથી. તેથી પરબ્રહ્મનો જેમ છે તેમ યથાર્થ નિશ્ચય કરાવવા માટે તો અક્ષરબ્રહ્મ જ સમર્થ છે. માટે પુરુષોત્તમ નારાયણનો યથાર્થ મહિમા સમજવા અક્ષરબ્રહ્મનાં સંબંધની અતિશય આવશ્યકતા છે. એટલા માટે તો શ્રીજીમહારાજ વચ.મ.૪૨માં કહે છે, ''અક્ષરબ્રહ્મ તો જેમ સૂર્યનું મંડળ છે તેમ છે. તે સૂર્ય જ્યારે માથે આવે ત્યારે સૂર્યને યોગે કરીને દશે દિશાઓ કલ્પાય છે, તેમ અક્ષરધામ છે.'' મહારાજ અહીં સૂર્યના દૃષ્ટાંતમાંથી સમજાવે છે કે જેમ પ્રાતઃકાળે સૂર્યોદય થતાં સૂર્ય ઉપર આવે છે, ત્યારે તેને આધારે પૂર્વાદિક સર્વે દિશાઓનું ભાન થાય છે, તેમ અક્ષરબ્રહ્મ પ્રગટ થાય તો તેમના યોગે કરીને પરબ્રહ્મનો મહિમા સમજાય છે એટલે કે, અક્ષરને યોગે પુરુષોત્તમ ઓળખાય છે. આ પ્રમાણેની સમજણ કૂંચીની, પાયાની સમજણ છે. માટે પુરુષોત્તમ નારાયણનો તત્ત્વે સહિત નિશ્ચય દૃઢ કરવા અને યથાર્થ મહિમા સમજવા માટે અક્ષરબ્રહ્મને ઓળખવા અને તેમનો મહિમા સમજીને મન-કર્મ-વચને તેમનો પ્રસંગ કરવો તે અનિવાર્ય છે. વળી, અક્ષરબ્રહ્મનું સ્વરૂપ સમજ્યા વિના પુરુષોત્તમ નારાયણનો તત્ત્વે સહિત નિશ્ચય થતો જ નથી, કારણ કે પરબ્રહ્મ અક્ષરબ્રહ્મથી પર હોવાથી અક્ષરબ્રહ્મને જાણ્યા પછી જ પરબ્રહ્મને જાણી શકાય છે. અક્ષરને સમજ્યા વિના અક્ષરાતીતને કેમ સમજી શકાય ? શ્રીજીમહારાજ ઉત્તરોત્તર પરત્તત્વની વાત કરતાં વચ.પ્ર.૬૩માં કહે છે, ''જેમ પૃથ્વી થકી જળ મોટું છે અને તે પૃથ્વીનું કારણ છે અને તે થકી સૂક્ષ્મ પણ છે, અને જળ થકી તેજ મોટું છે, અને તેજ થકી વાયુ મોટો છે, અને વાયુ થકી આકાશ મોટો છે. એવી રીતે અહંકાર, મહત્તત્ત્વ, પ્રધાનપુરુષ, પ્રકૃતિપુરુષ, પ્રકૃતિપુરુષ અને અક્ષર એ સર્વે એકબીજાથી મોટા છે અને એકબીજાથી સૂક્ષ્મ છે ને કારણ છે... એ સર્વેનું કારણ અક્ષરબ્રહ્મ છે અને તે અક્ષર તો પુરુષોત્તમ ભગવાનનું ધામ છે.'' વળી, વચ.પ્ર.૬૪, ૭૨, ૭૩ વગેરે વચનામૃતોમાં પણ મહારાજ જણાવે છે કે પરબ્રહ્મ અક્ષર થકી પર છે, તથા મુંડકોપનિષદની શ્રુતિ પણ આ જ હકીકતને જણાવે છે. 'अक्षरात परतः परः।' અર્થ : ભગવાન તો પ્રકૃતિપુરુષથી પર એવું જે અક્ષર તે થકી પર છે.' (મુંડકોપનિષદ : ૨/૧/૨) માટે ઉત્તરોત્તર એક એક તત્ત્વનો મહિમા સમજ્યા પછી અક્ષરનો મહિમા સમજાય અને અક્ષરનો મહિમા સમજ્યા પછી જ અક્ષરથી પર એવા પુરુષોત્તમ નારાયણનો મહિમા સમજાય તે સ્વાભાવિક જ છે. એટલે પુરુષોત્તમ નારાયણની તત્ત્વે સહિત ઓળખાણ માટે પ્રથમ

અક્ષરબ્રહ્મની ઓળખાણ કરવી જરૂરી છે. તેથી જ તો શ્રુતિમાં કહ્યું છે, 'ब्रह्मविदाप्नोति परम् :। અર્થ : બ્રહ્મને જાણે છે તે પરબ્રહ્મને પામે છે. (તૈત્તિરીયોપનિષદ : ૨/૧)

**વિભાગ : ૨ 'બ્રહ્મસ્વરૂપ પ્રાગજી ભક્ત' વિસ્તૃત જીવનચરિત્ર નવી આવૃત્તિના આધારે**

**નોંધ :-(૧) પ્રશ્ન : ૭ થી ૧૦ માટે અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક વિષય ઉપર નિબંધ લખો. (ત્રીસેક લીટીમાં) (કુલ ગુણ ૧૨)**

**નોંધ : બે પ્રસંગ વર્ણનાત્મક અને બે થી ત્રણ જ લીટીમાં ઉલ્લેખ હોય તેવા બીજા ચાર પ્રસંગ સાથે કુલ છ પ્રસંગ હોવા જરૂરી છે.**

**૧. પ્રાગજી ભક્તે કરેલો ગોપાળાનંદ સ્વામીનો સમાગમ**

૧. આને અને અમારે પૂર્વની ઓળખાણ છે - ગોપાળાનંદ સ્વામીના યોગમાં. ૧૪-૧૫
૨. અક્ષરધામમાં મહારાજ અને આપની પાસે શી રીતે રહેવાય ? - પ્રાગજી તારું લગન થયું છે ? ૧૬-૧૭
૩. પ્રેમમાં જ્ઞાનની જરૂર. ૧૮
૪. પ્રાગજી ! તું જૂનાગઢ જજે. ૧૯
૫. અક્ષરધામ સામે દૃષ્ટિ. ૧૯-૨૦
૬. ગોપાળાનંદ સ્વામીનો વિયોગ. ૨૦

**૨. ભગતજી મહારાજની બ્રાહ્મી સ્થિતિનો સહવાસીને થયેલો અનુભવ**

૧. 'ચાર વર્ષ સુધી ભગતજી સૂતા નથી' સ્વામી વિષ્ણુપ્રસાદજી, નરનારાયણદાસજી, આત્માનંદ બ્રહ્મચારી, જાગાભક્ત ૪૯
૨. સાંખડાવદરના બીડમાં સાધુના કસબની વાત કરી ત્યારે મનજી ઠક્કર અને નથુ પટેલ બોલ્યા, 'સ્વામી બહુ પારસાવ્યા.' ૭૧
૩. માણાવદરમાં પ્રેમજીભાઈ ભગતજીના મહિમાની વાતો કરતા. ૭૧
૪. આપની એણે અત્યંત સેવા કરી છે તેનું ફળ તેને મળ્યું છે - ગણોદના દરબાર અભેસિંહ. ૭૪
૫. ગોંગડાની પ્રસાદી દ્વારા સર્વ દોષ ગયા ? તે પ્રસંગથી સભામાં સૌને ભગતજીનો મહિમા થયો. ૭૭
૬. ગુણાતીત ઊઠો ! પ્રાગજી ભક્ત હવે પ્રાગજી નથી રહ્યા. ગુણાતીત થઈ ગયા છે- બાલમુકુન્દદાસ સ્વામી ૮૨
૭. ૧૫૦ સાધુ તથા ૨૦૦ હરિભક્તોને પ્રાયશ્ચિત અપાવ્યાં. ૮૫
૮. આ દસ દિવસ અલૌકિક બ્રહ્મજ્ઞાનનું સુખ મળ્યું-મહુવાના દામોદર શેઠ, લીલાધર, વિઠ્ઠલભાઈ, ફૂલચંદભાઈ. ૮૭
૯. ભગતજીને વિષે ઘણાને સ્વામીના સ્વરૂપની પ્રતીતિ જૂનાગઢ મંદિરના ચોકમાં ભગતજીની કથાવાર્તા ૮૭
૧૦. ભાડેર, ગણોદ, જાળિયા વગેરે ગામના હરિભક્તોએ સ્વામીને કહ્યું તમે આ શું કર્યું ? આ દરજીને અપાર ઐશ્વર્ય આપ્યું ! હવે પાછું ખેંચી લો. - આ તો રાજીપાનું જ્ઞાન છે. બ્રહ્મવિદ્યામાં પ્રાગજી ભક્ત અજોડ અને સર્વોપરી થશે. ૮૮-૯૦
૧૧. મહુવાના વિઠ્ઠલભાઈ : ચકલી ગરુડના પારને પામી ગઈ એવું થયું છે. ૯૫
૧૨. વાઘાખાચરની સુષુપ્તિ અવસ્થા જ મટી ગઈ. ૯૫-૯૬
૧૩. વંથળીના દેવજીભાઈને ભગતજીએ કહ્યું તમારે જે જોવું છે તે કાલે ઘેર જશો ત્યારે સાંભળશો. ૯૯
૧૪. એમની ગોદડીમાંથી અનંત સૂર્યનું તેજ નીકળે છે, તે મારાથી પાસે અવાતું નથી. ૯૯
૧૫. મંગળજી ઠક્કરને નિશ્ચય. ૧૦૦-૧૦૧
૧૬. આ પ્રાગજી જેવો અમને કેમ આનંદ આવતો નથી ? માધવચરણદાસ, નથુ પટેલ, મનજી ઠક્કરનો પ્રશ્ન. ૧૧૨

૧૭. પ્રાગજીભક્ત જેવા તો વર્તમાનકાળે એ એક જ છે. કમાશેઠે ધોલ મારી તે પ્રસંગ. ૧૧૪
૧૮. અક્ષરધામની કૂંચી પ્રાગજી ભક્તને સોંપી છે-સ્વામીશ્રીએ કોઠારી અંબાઈદાસને ભગતજીની આપેલી ઓળખ. ૧૧૬-૧૧૭
૧૯. તમારા ધર્મમાં વિપરીત રીત કેમ ? મહુવાના વહીવટદારનો ભરી સભામાં આચાર્ય મહારાજ તથા સદ્‌ગુરુઓને પ્રશ્ન - પવિત્રાનંદ સ્વામીએ કહેલો ભગતજીનો મહિમા. ૧૩૯
૨૦. આ પ્રાગજી ખરેખરો એકાંતિક ભક્ત છે અને અજાતશત્રુ છે - પવિત્રાનંદ સ્વામી. ૧૪૦
૨૧. આને લોકો વિમુખ કહે છે પણ આ જ એકાંતિક સત્સંગી છે. ગુણાતીતાનંદ સ્વામી અમદાવાદમાં. ૧૪૬
૨૨. જો ધારે તો સત્સંગની બહાર પણ હજાર હજાર માણસો તેની પાછળ ફરે એવો પ્રતાપી અને જ્ઞાની છે. - શુકસ્વામી તથા બીજા સદ્‌ગુરુઓ. ૧૪૬
૨૩. ગુણાતીતાનંદ સ્વામીની સંપૂર્ણ કૃપા આના ઉપર થઈ છે. નહિ તો આવું નિર્માનીપણું, અખંડ ભજન, કથાવાર્તા તથા સેવાનું અંગ ન હોય - શુકસ્વામી. ૧૬૩
૨૪. તું જેવા સત્પુરુષને ઇચ્છે છે તેવા વર્તમાનકાળે પ્રાગજી ભક્ત છે તો તેમનો મન, કર્મ, વચને સમાગમ કરજે. - લલ્લુભાઈ દેસાઈએ ગિરધરભાઈને કહ્યું. ૧૬૫
૨૫. ગુણાતીતાનંદ સ્વામીએ તારા દેહ પર પૂર્ણ કૃપા કરી છે અને તને એકાંતિક ધર્મ પમાડ્યો છે, એમ મને આજે પૂરી ખાતરી થઈ છે - પવિત્રાનંદ સ્વામી (આણંદ અપમાન પછી) ૧૭૯
૨૬. તારા દર્શને કરીને જ મને આજે અપાર શાંતિ થઈ ગઈ છે. હવે આવું સબીજ જ્ઞાન જે સ્વામીના પ્રતાપથી તેં સિદ્ધ કર્યું છે તે કોઈ સારા અધિકારી પાત્રને આપજે - પવિત્રાનંદ સ્વામી. ૧૭૯
૨૭. આ પ્રાગજી ભગતની શી વાત કરું ? સ્વામીનો સિદ્ધાંત યથાર્થ સમજી, સ્વામી સ્વરૂપ બની ગયા છે. આથી એમને પૂંઠ કેમ દેવાય ? નાગર હરિભક્ત ચકુભાઈ. ૧૮૭
૨૮. તમે તો બહુ જ મોટા છો અને મહારાજ તમારે વશ છે - આચાર્ય વિહારીલાલજી મહારાજ (ચરણારવિંદના પાડનારા શ્રીજીમહારાજનો પ્રસંગ) ૧૯૮
૨૯. તમે સાચા મારફતી પુરુષ છો. મને છતી દેહે મારફતી પુરુષ મળ્યા અને મારો મોક્ષ થઈ ગયો. પેટલાદના જમાદાર. ૨૨૮
૩૦. સાધુને જે કહેવા મેં ધાર્યું હતું તે જ તમે મારા અંતરનું કહ્યું. તમે સાધુને વઢો પણ આવું ઐશ્વર્ય જોઈને કેડે કેમ ન ફરે ? એ તો ફરે જ ! - રાવસાહેબ. ૨૩૧
૩૧. એમના સમાગમથી મને એમ નિશ્ચય થયો છે કે વચનામૃતમાં જ્યાં જ્યાં મહારાજે એકાંતિકનાં લક્ષણ કહ્યાં છે તે બધાં ભગતજીમાં મળતા આવે છે - મોતીભાઈએ લખેલ પત્રો. ૨૪૦-૨૪૧
૩૨. તેમના જેવા ધર્મવાળા તો કોઈ જોયા જ નથી - નિશ્ચયમાં તો એ પર્વતપ્રાય છે - આ વચનામૃત પ્રમાણે ભગતજી પરમ એકાંતિક છે. (આ પ્રાગજીમાં તમે શું દીઠું છે ? તેની પ્રશ્નોત્તરીમાં) વિઠ્ઠલભાઈ ૨૪૮-૨૫૨
૩૩. મંદિરના ચોકમાં જ રંગાચાર્યના ભગતજી મહારાજને દંડવત્ - રંગાચાર્ય - આ પ્રાગજી ભક્ત એકાંતિક મહાત્મા છે. ૩૦૬-૩૦૭
૩૪. મહારાજની કેવી મરજી છે તે અંતર્વૃત્તિ કરીને જુઓ આચાર્ય વિહારીલાલજી. (લક્ષ્મીવાડીએ મૂર્તિપ્રતિષ્ઠામાં) ૩૦૭
૩૫. પ્રાગજી ભગતે ગુણાતીતાનંદ સ્વામીને એવા રાજી કર્યા છે કે સવાસો પગથિયાનું સોનાનું સિંહાસન કરી તેમાં તેમને બેસારી સવાસો દીવાની આરતી જો કરીએ તો પણ તે ઓછું છે -સ્વામી બાલમુકુંદદાસજી ૪૭૧
૩૬. તપમાં, નિયમમાં, વર્તનમાં તમારી તોલે કોઈ ન આવે - શાસ્ત્રી ધર્મતનયદાસજી. ૫૧૨

**૩. ભાદરોડમાં અલૌકિક સુખની લહાણ**

૧. અમે તો બધા ભગતજી આવશે તો જમીશું - વિજ્ઞાનદાસજી. ૨૬૯
૨. ભગતજીએ કરેલી વાતો - સાધુ તો તપ અને નિયમથી શોભે. ૨૭૦
૩. હવે બીજો અવતાર હોય ? તમો જેનું અન્ન ખાશો તેનું પણ કલ્યાણ થશે, એવો તમારો મોટો મહિમા છે - પરોક્ષ ભજનથી ઇન્દ્રિયો-અંતઃકરણનાં આવરણ ભેદાતાં નથી. ૨૭૦-૨૭૧

૪. આજે તો સૌ છાણાં વીણવા જાઓ અને ચાર-પાંચ મણ ભાર ઊંચકી શકે એવા હોય તે જાઓ - યજ્ઞપુરુષદાસજી કહે : ''હું તો છાણાં વીણીને ભેગાં કરી આપું, પણ પાંચ મણ ભાર મારાથી ઊંચકાય નહિ.'' - મારે તો કોઈનેય મોકલવા નથી, પણ આ તો પરીક્ષા કરી જોઈ - આ દાળ રાંધજો. આપનારે તો પોતાના કલ્યાણ સારું આપી - કેવળ લક્ષ્ય રાખીને, બ્રહ્મસ્થિતિને માર્ગે લઈ, અખંડ મહારાજની મૂર્તિનું સુખ આપવાનું જ તાન તેમને હતું. ૨૭૧-૨૭૨
૫. તમારે જ્યાં જશો ત્યાં એમનો જ આધાર છે - પ્રાગજીને ઓળખતા નહોતા. ૨૭૩
૬. આ સર્વે બીજાને શાંતિ કરે એવા છે. ૨૭૩
૭. પોતાના ગુણની વાત ન કરવી, પણ મોટાનો ગુણ કહેવો. ૨૭૪
૮. અઢાર હજાર શ્લોકમાંથી મુદ્દાનો શ્લોક. ૨૭૫
૯. કોઈ રીતે કસર રહેવા દઈશ નહીં. - જાનતા ક્યું નહિ વે હમારી પીર ૨૭૬-૨૭૭
૧૦. રોટલા અને શાકોત્સવ - અલૌકિક સુખની લહાણ ૨૭૯-૨૮૦
૧૧. પેટ ફાટી જાય એટલું ખવરાવ્યું છે અને કહ્યું છે કે 'તમારે વશ છું.' માટે આજે તો મળવું પડશે. ૨૮૧
૧૨. 'મધુકર વાત મોહનવર કેરી .....' - ભગવાન ને સંતની રીત એકસરખી જ હોય - સૌના અંગના વચનામૃત ... એમ પરમ રાજીપાથી નિર્દોષ થવાની વાત કરી. ૨૮૧-૨૮૨

**પ્ર.૮ નીચે આપેલાં વિષયોમાંથી કોઈપણ બે ઉપર ટૂંકનોંધ લખો.**
**(દરેક ટૂંકનોંધમાં પાંચેક લીટીના બે પ્રસંગો લખવા.) (કુલ ગુણ ૮)** **નોંધ : દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ભગતજી મહારાજે કહેલો યજ્ઞપુરુષદાસજીનો મહિમા**

૧. યજ્ઞપુરુષદાસજીને ભણવાની આજ્ઞા - આ સાધુ બહુ ચમત્કારી છે અને શાસ્ત્રવિદ્યા ભણશે તો હજારોના મન ખેંચી લે છે. ૧૦૪
૨. એ તો મારો કોડીલો લાલ છે. ૧૯૬
૩. ચરણારવિંદના પાડનાર શ્રીજીમહારાજ એને હું આપીશ એટલે ઘણા સાધુ તેમની પાસે રહેશે. ૧૯૭-૧૯૯
૪. એ બધાનું કપટ આ નાના સાધુ (શાસ્ત્રીજી મહારાજ) જેવું છે તેવું કહેશે માટે તેમને પૂછો. ભગતજીમાં તમે શું દીઠું છે ? ૨૪૮
૫. યજ્ઞપુરુષદાસજી ઠાકરિયો વીંછી છે. ૨૯૬
૬. ભગતજીએ રાજી થઈને શાસ્ત્રીજી મહારાજને માથે હાથ મૂક્યા અને રાવસાહેબને કહ્યું આ સાધુ બહુ જ બુદ્ધિશાળી છે. ૩૭૯-૩૮૦
૭. આ તો તમારાં અંતર ચોખ્ખાં કરવાની સાવરણી છે. ૪૪૫
૮. યજ્ઞપુરુષદાસજી ! તમારે કંઈ અધૂરું નથી. ૫૨૮
૯. કોઠારી, મને વરતાલ લ્યો. ૫૩૭

**૨. ભગતજી મહારાજે પાળેલી ગુણાતીતાનંદ સ્વામીની અનુવૃત્તિ**

૧. સ્વામીશ્રીની અનુવૃત્તિ જાણી લોક, લાજ, દેહસુખ, ઘર, સ્ત્રી આદિનો ત્યાગ કરી સ્વામીશ્રીની પાસે જ રહેવાનો ઠરાવ. ૩૧-૩૨
૨. હરિકૃષ્ણ મહારાજની મૂર્તિપ્રતિષ્ઠા સમયે સ્વામીશ્રીની આજ્ઞા પ્રમાણે વાઘા તૈયાર કરી હરિભક્તોને બતાવી રૂા. ૧૦૦૦ની સેવા સ્વામીશ્રીને ચરણે ધરી. ૪૧
૩. ભગતજીએ રૂા. ૬૦,૦૦૦ નો ત્યાગ કરી માગેલા ત્રણ વરદાન. ૪૫,૪૬
૪. હવેલીના કામમાં જોડાઈ ગયા. ૪૭
૫. અનુવૃત્તિ એ જ ભક્તિ. બસો પાવડા, પાંચસો ટોપલા ભેગા કરવાની આજ્ઞા અદ્ધર ઝીલી. ૫૦
૬. ગિરનારને બોલાવવા ગયા. ૫૧
૭. ભેખનું તો ભાંગી પડ્યું અને પ્રાગજીનું તો ચાલતું રહ્યું. ચુનાની ભઠ્ઠી કાઢતાં સાધુઓ જતાં રહ્યા ત્યારે. ૫૨
૮. સાંખડાવદરના બીડમાં તૃણોત્સવ વરસાદ થતાં બે ચાદર સાંધી ચોફાળ બનાવી સ્વામીને અંદર બેસાડ્યા. ૫૫
૯. છ માસ સુધી સર્વના વતાં કર્યાં, મશાલ ઝાલી અને વાળંદની સર્વે ક્રિયા કરી. ૫૬

| | | |
|---|---|---|
| ૧૦. | ફાળિયું ફાડી મશાલે વીંટીને દીવો કરી અજવાળું કર્યું. | ૫૭ |
| ૧૧. | સ્વામીની ક્રિયા પોતે સંભાળી લીધી, સ્વામીને નિરાંત કથાવાર્તા કરવાની અનુકૂળતા કરી આપી. | ૫૭-૫૮ |
| ૧૨. | મરેલું કૂતરું ખસેડ્યું. | ૫૮-૫૯ |
| ૧૩. | એંઠવાડની કૂંડીમાં સ્નાન - અડસઠ તીર્થ | ૬૦ |
| ૧૪. | 'ભગવાન ભૂલીને વાસણ શું ઊટકે છે ? સ્વામીની ટકોરથી વૃત્તિ ભગવાનમાં જોડી દીધી. | ૬૪ |
| ૧૫. | ૩૦૦ આંબાને પાણી પાયું. | ૬૬ |
| ૧૬. | ફગવાની પ્રસાદીના ગોંગડા - મહિમા જાણીને જમ્યા. | ૭૬-૭૭ |
| ૧૭. | ભગતજીને વાતો કરવાની સ્વામીની આજ્ઞા. | ૮૭-૮૮ |

**૩. જૂનાગઢમાં ભગતજી મહારાજે કરેલી જ્ઞાનવાર્તા**

| | | |
|---|---|---|
| ૧. | આ સાધુ વિના હૃદયગ્રંથિ ગળે નહિ. | ૪૭૬-૪૭૭ |
| ૨. | આ સત્સંગમાં આવી ખોટ ટાળવી - બ્રહ્મવિદ્યાનો એકડો એટલે મન જીતવું | ૪૭૭-૪૭૮ |
| ૩. | જ્ઞાનએ સાંખ્ય છે, ધ્યાન એ યોગ છે- ભગવાનમાં પ્રીતિ દૃઢ કરવા માટે દસ એકડા ભણવા. | ૪૮૨-૪૮૩ |
| ૪. | ગ્રંથિઓ ક્યારે તૂટે ? | ૪૮૫-૪૮૯ |
| ૫. | વિષયનું સુખ લાંપડાના તાપ જેવું છે. | ૪૯૦-૪૯૨ |
| ૬. | ગંડવા ચાલે ત્યારે પ્રભુ ભજાય. | ૪૯૧-૪૯૨ |
| ૭. | અહીં જૂનાગઢમાં સત્સંગની જુવાની દેખાય છે. | ૪૯૨-૪૯૩ |
| ૮. | ઉપશમ એટલે શું ? સ્વામીની ઉપશમ દશાવાળી વાત. - આ જીવને દેહ બંદીખાનું છે. | ૪૯૬-૫૦૦ |
| ૯. | ગુણ આવે છે તે વૃદ્ધિને પામે છે - પ્રેમી ધ્યાની કે વેગી ન થવું | ૫૦૦-૫૦૩ |
| ૧૦. | મૂર્તિ સામે અખંડ દૃષ્ટિ રહે એ સિદ્ધ દશા | ૫૦૩-૫૦૪ |
| ૧૧. | ગુરુ કોને કહેવાય ? - સંતમાં શા માટે જોડાવું ? - વચનામૃતમાં સત્પુરુષની મહત્તા | ૫૦૬-૫૧૧ |
| ૧૨. | લોકનું અજ્ઞાન - પારેવા જેવા થવું - મહિમા હોય તો સુખ આવે - સત્પુરષનો સ્વભાવ | ૫૧૧-૫૧૫ |
| ૧૩. | કાળના બળનો વિચાર | ૫૧૫-૫૧૬ |
| ૧૪. | પુરુષોત્તમને વરણીય ક્યારે થવાય ? - કુંવારી વૃત્તિ હોય તો ભગવાન વરે | ૫૧૬-૫૧૯ |
| ૧૫. | જેમ તેમ અને જેવું તેવું હોય તે જ સારું. | ૫૧૯-૫૨૦ |
| ૧૬. | સંબંધીનો ફાંસલો દુસ્તર છે - દર્શનાદેવ સાધવઃ - સાંખ્યનો મત - સ્થિતિ કરવાની સાત ભૂમિકા | ૫૨૦-૫૨૩ |
| ૧૭. | મુકામ અને નિશાન એટલે શું ? - ચિત્તને વિષે વિષય કે વિષયને વિષે ચિત્ત | ૫૨૩-૫૨૫ |

**પ્ર.૯ નીચે આપેલા પ્રસંગોમાંથી કોઈપણ ત્રણ પ્રસંગ વર્ણવી મનન લખો.**
**(પ્રસંગ વર્ણન આઠેક લીટીમાં તથા મનન ચારેક લીટીમાં લખો.) (કુલ ગુણ ૧૨)**

**નોંધ :૩ ગુણ પ્રસંગના અને ૧ ગુણ મનનનો આપવો. મનન અહીં આપ્યા કરતાં જુદું પણ હોઈ શકે પણ વિષયને અનુરૂપ હોય તો તેના પૂરેપૂરા ગુણ આપવા.**

૧. **'તો તમારી પાછળ લાખો મનુષ્ય ફરશે' (૪૩૫) પ્રસંગ :** ગઢડામાં બ્રહ્મચારી મુનિશ્વરાનંદજી તથા બ્રહ્મચારી હરિપ્રસાદાનંદજી ભગતજીને પોતાના આસને લઈ જઈને પ્રશ્ન પૂછ્યો : 'અમે ભણેલા વિદ્વાન છીએ, બ્રહ્મચારી છીએ, સદ્‌ગુરુ પણ છીએ, તો પણ અમારી પછવાડે એકેય મનુષ્ય ફરતું નથી અને તમારી પછવાડે હજારો મનુષ્ય ફરે છે અને ખેંચાય છે તેનું શું કારણ છે ? અને તમારી પાસે શું દૈવત છે ? તે કહો.' ભગતજી : 'મારી પાસે દૈવત તો કાંઈ નથી. પણ મન, કર્મ, વચને અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામીને મેં સેવ્યા છે અને રાજી કર્યા છે. તેથી સ્વામીની કૃપાથી શ્રીજીમહારાજ મને વળગ્યા છે. માટે આ બધા મનુષ્ય મારી પછવાડે ફરે છે અને લોકોને સુખ-શાંતિ થાય છે. બાકી મારામાં કંઈ નથી. તમે પણ જો એવા એકાંતિકને સેવીને મહારાજને વશ કરો તો તમારી પછવાડે લાખો મનુષ્ય ફરશે. **મનન :** ગમે તેટલા શાસ્ત્રો ભણો ઉચ્ચ પદવીને પામો પણ સાચા એકાંતિક સંતને મન, કર્મ, વચને સેવીને તેમનો રાજીપો મેળવીએ તો જ ભગવાન મળે છે. ભગવાન મળે તો જ સર્વ અર્થની સિદ્ધિ થાય છે.

૨. **કારિયાણીમાં વાસણ ઊટકતા ભગતજી મહારાજ પાસે ગુણાતીતાનંદ સ્વામી પધાર્યા. (૬૪)**

**પ્રસંગ :** કારિયાણી નથુ પટેલના આગ્રહ વશ કંસાર-રોટલીની રસોઈ કરીને સંતોને જમાડ્યા - ભગતજી અને પાળાઓ વાસણની સેવામાં - સ્વામીશ્રી સભામાં - ચોંટી ગયેલા કંસારને ઊખેડતા ભગતજીની અખંડ સ્વામીમાં રહેતી વૃત્તિ તૂટી - અંતર્યામીપણે સ્વામીશ્રી આ જાણીને ભગતજીની પાસે - સ્વામીશ્રી : 'અલ્યા ! ભગવાન ભૂલીને વાસણ શું ઊટકે છે ?' - ભગતજીએ તરત જ ભગવાનમાં ભગવાનની મૂર્તિમાં વૃત્તિ જોડી દીધી.

**મનનઃ** ભજન કરતાં કરતાં ક્રિયા કરવી. એટલે કે દરેક ક્રિયામાં ભગવાનને મુખ્ય રાખવા.

૩. **'મને તો અંતરનું કોડિયું સીવતાં પણ આવડે છે.' (૧૭૧) પ્રસંગ :** કોઠારી બેચરભાઈએ ભગતજીને કેડિયું સિવવા માટે આપ્યું. માપ લીધા વગર સિવેલું કેડિયું પણ બંધબેસતું આવવાથી કોઠારી રાજી થયા, ત્યારે ભગતજીએ કહ્યું : 'આ તો દેહનું કેડિયું સીવ્યું છે, પણ મને તો અંતરનું કેડિયું પણ સીવતાં આવડે છે ! પણ એ સિવડાવવા તમારે મારે આસને આવવું પડે.'- કોઠારીએ ભગતજીનો સમાગમ કરી મોક્ષના દ્વાર સમા ભગતજીના સ્વરૂપનો નિશ્ચય કર્યો.

**મનન :** સાચા એકાંતિક ધર્મના ધારક હોય તે મહારાજને પામવાનું દ્વાર છે. એવી નિષ્ઠા પાકી કરવાથી મહારાજની પ્રાપ્તિ થાય છે. એકાંતિક ધર્મ સિદ્ધ થાય છે.

૪. **'ભગતજીને પૂંઠ કેમ દેવાય ?' (૧૮૭) પ્રસંગ :** જૂનાગઢમાં આચાર્ય મહારાજની સભામાં ભગતજી પાછળ બેઠા હતા. તેમની આગળ નાગર હરિભક્ત ચકુભાઈ બેઠા હતા. થોડી વારે તેમણે પાછળ ફરીને જોયું તો પ્રાગજી ભગતને દીઠા, એટલે તે ખસી ગયા અને ભગતજીનો હાથ પકડી આગળ બેસાર્યા. ત્યારે આચાર્ય મહારાજે તેમને પૂછ્યું : ચકુભાઈ ! કેમ ખસી ગયા ?'' એટલે ચકુભાઈએ કહ્યું : 'મહારાજ ! આ પ્રાગજી ભગતજીની શી વાત કરું ? એમણે સ્વામીને જે રાજી કર્યા છે તે તો 'न भूतो न भविष्यति' એવી વાત છે. સ્વામીના રાજીપા સારુ એમણે દેહને ગણ્યો નથી અને અખંડ કથા, વાર્તા, ભજન કરી, સ્વામીનો સિદ્ધાંત યથાર્થ સમજી, સ્વામીરૂપ બની ગયા છે. એથી એમને પૂંઠ કેમ દેવાય ?'

**મનન :** ભગવાનના સાચા સંતને ઓળખવા જોઈએ. આવા એકાંતિક સંત આગળ પૂંઠ કરીને ન બેસાય. માન આપવાની આપણી એક સંસ્કૃતિ છે. ભગતજીએ સ્વામીની અનુવૃત્તિ પાળીને કરેલી સેવાના ચકુભાઈ સાક્ષી હતા. ભગતજી સ્વામીસ્વરૂપ બની ગયેલા હતા. તે પણ જાણતા હતા. તેથી ભગતજીને પૂંઠ કરે તો સ્વામીને પૂંઠ કરી ગણાય. માટે ચકુભાઈ ખસી ગયા.

૫. **ભગતજીએ રાજી થઈ શાસ્ત્રીજી મહારાજને માથે હાથ મૂક્યા (૩૭૯-૩૮૦)**

**પ્રસંગ :** અમદાવાદમાં ભગતજીના આગ્રહ અને મરજી જોઈ શાસ્ત્રીજી મહારાજે વાત કરી 'અતિ દુર્લભમાં દુર્લભ મનુષ્ય દેહ છે. તેમાં સત્સંગ મળવો તે અતિ દુર્લભ છે. તેમાં પણ એકાંતિક બ્રહ્મનિષ્ઠ સંતને ઓળખીને તેમનો સમાગમ કરવો તે અતિ દુર્લભ છે. એટલું કર્યું તેણે સર્વે કર્યું અને તેને કલ્યાણમાં કંઈ બાકી નહિ રહે. એમ કહીને શ્લોક બોલ્યા કે : प्रसङ्गमजरं पाशमात्मनः कवयो विदुः । स एव साधुषु कृतो मोक्षद्वारमपावृतम् ॥ - શ્રીમદ્‌ભાગવત, તૃતીય સ્કંધ, અ.૨૫, શ્લોક : ૨૦) ''જેવું એ જીવને દેહ અને દેહના સંબંધીને વિષે હેત છે, તેવું જો ભગવાનના એકાંતિક સંતને વિષે થાય તો તેને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે અને કંઈ અધૂરું રહેતું નથી. આટલું જ કરવાનું છે.'' એમ કહી બંધ રહ્યા. પછી ભગતજી કહે : ''થોડી વાત કરી પણ તેમાં સર્વ શાસ્ત્રનો સિદ્ધાંત લાવી મૂક્યો અને બહુ સારી વાત કરી.'' એમ કહી ઊભા થયા અને સભા વચ્ચે સ્વામી પાસે આવીને કહે : ''રંગ છે સ્વામી !'' એમ કહીને બે હાથ શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીને માથે મૂક્યા અને બહુ જ રાજી થયા. ત્યારે એક હરિભક્તે ભગતજીને કહ્યું કે ''તમો તો ગૃહસ્થ છો ને સાધુને માથે હાથ ન મૂકાય. તે કેમ હાથ મૂક્યા ?'' એટલે ભગતજી કહે : ''મેં નથી મૂક્યા. સહજાનંદ સ્વામીએ મૂક્યા છે !'' એટલું કહ્યું એટલે તે હરિભક્ત શાંત થઈ ગયા અને ભગતજી તથા શાસ્ત્રી યજ્ઞપુરુષદાસજીનો અતિ મહિમા સમજ્યા.

**મનન :** ગ.પ્ર.૨૭ પ્રમાણે સંતની દરેક ક્રિયામાં ભગવાન ભળેલા છે. તેથી ભગતજીએ શાસ્ત્રીજી મહારાજ ઉપર હાથ મૂક્યા તે ભગતજીના નહિ પણ સહજાનંદ સ્વામીના જ છે.

**પ્ર.૧૦ નીચે આપેલાં પાત્રોમાંથી કોઈ પણ એક પાત્રના પ્રસંગો વર્ણવી વ્યક્તિત્વનું આલેખન કરો. (કુલ ગુણ : ૮)**

**નોંધ : પાત્રના પ્રસંગો વધારે હોય તેથી બધા જ પ્રસંગોનું વર્ણન હોવું જરૂરી નથી. તે પરીક્ષાર્થી પર આધાર રાખે છે. ૬ ગુણ પ્રસંગોના અને ૨ગુણ વ્યક્તિત્વના આલેખનના આપવા.**

**૧. વાંસદાના દીવાન (પ્રસંગો)**

૧. શાસ્ત્રીજી મહારાજના પ્રસંગથી 'સત્પુરુષ એ જ કલ્યાણનું દ્વાર છે. એવા સત્પુરુષ આજે ભગતજી છે.' તેવી સમજણ - ભગતજીને વાંસદા તેડાવવા આચાર્ય મહારાજને લખેલો કાગળ ૩૧૫-૩૧૬

૨. ભગતજીને વાંસદા મોકલવા માટે કોઠારી ગોરધનદાસને ઝવેરભાઈએ લખેલો પત્ર ૩૨૭-૩૨૮

૩. ભગતજીની અંગત સેવા કરી કરેલી સ્તુતિ ૩૩૦

૪. દીવાનજી ભગતજીની સેવામાં - દીવાનજીએ કરેલો પ્રશ્ન : જીવ અને બ્રહ્મને વિષે સ્વામી સેવકપણું શી રીતે રહે ? - ભગતજીએ 'જીવ અને બ્રહ્મ'ના ભેદનું કરેલું નિરૂપણ. ૩૩૧-૩૩૭

૫. અક્ષરધામમાં જે ભગવાનનું સ્વરૂપ છે તે તો નિર્ગુણસ્વરૂપ કહેવાય. પણ મનુષ્યરૂપ જે ભગવાનનું સ્વરૂપ તે નિર્ગુણ કેમ કહેવાય ? - દીવાનજીનો પ્રશ્ન ૩૪૦-૩૪૩

૬. ભગવાનને જેણે અખંડ રાખ્યા છે એવા જે સત્પુરુષ, તેની મૂર્તિ ભગવાનના સંબંધે કરીને ગુણાતીત અને દિવ્ય થાય છે. પછી તે સ્વરૂપમાં શો ભેદ રહે છે. ૩૪૩-૩૪૭

૭. પોતાના પ્રશ્નોનું સમાધાન થતાં દીવાનજીએ ભગતજીને કરેલી સ્તુતિ ૩૪૮

૮. ભગતજી પાસે નિષ્કપટભાવે મન, કર્મ અને વચનના જે જે ગુના કર્યા હતા તે જણાવી પાપ મુક્ત થયા. ૩૪૯

૯. સર્વ દોષોથી નિવૃત થયેલા દીવાન સાહેબને ભજનનું સુખ આવવા લાગ્યું ૩૫૦

૧૦. મેં તો શ્રીજીમહારાજને દીઠા જ નથી. તે હું શી રીતે ઓળખીશ ? - દીવાનજી ભગતજીને ૩૫૧

૧૧. આવા દીવાનજી જેવા આઠ-દસ કરીશ. તે પછી સભામાં કોઈ બોલશે નહિ. ૩૫૪

**વ્યક્તિત્વ :** સાચા સાધુનો યોગ થયો તેના કારણે એકાંતિક સત્પુરુષની ઓળખ દૃઢ કરી. એકાંતિક સત્પુરુષ થકી પોતાની મનને મૂઝવતા તમામ પ્રશ્નો પૂછીને શંકાનું સમાધાન કર્યું. શુષ્કજ્ઞાનીમાંથી બ્રહ્મજ્ઞાની બન્યા.

**૨. પવિત્રાનંદ સ્વામી : પ્રસંગો :**

૧. 'તું ક્યાંથી આવ્યો મને સ્વામીનું સ્વરૂપ સમજાવવાવાળો ?' - પવિત્રાનંદ સ્વામી ભગતજીને ૧૦૩

૨. 'એને અને મારે આ ભવમાં ભેગા બેસવું નથી.' પવિત્રાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીને ૧૦૪

૩. 'સ્વામી ! તમે ધર્મામૃતની વાતો કરો છો, પણ તમારે ત્યાં ખોજા ભગત તથા રાઠોડ ભગત તમને આવીને પગે અડે છે, માટે એ ન અડે એવો બંદોબસ્ત કરો.' - પવિત્રાનંદ સ્વામી ગુણાતીતાનંદ સ્વામીને. ૧૦૫

૪. પ્રાગજી જૂનાગઢમાં મારી સામે બોલ્યો છે. એટલે તેને વિમુખ કરવાનો મેં ઠરાવ કર્યો છે.-પવિત્રાનંદ સ્વામી. ૧૨૬

૫. 'આપણે એને વિમુખ કર્યો છે એનાં દાળ, ચોખા ઓછાં વિમુખ કર્યા છે.' - પવિત્રાનંદ સ્વામી. ૧૩૮

૬. 'આવી આકરી કસોટીથી સત્સંગમાં તેમની સર્વોપરી સ્થિતિ સિદ્ધ થઈ ચૂકી છે.'- પવિત્રાનંદ સ્વામી. ૧૩૯

૭. 'જ્યારે તને સત્સંગ બહાર મૂક્યો ત્યારે શુકમુનિ ભેગા હતા અને અત્યારે નથી, તો આ ફેરે વરતાલ આવજે, તારું કામ કરીશું.' - પવિત્રાનંદ સ્વામી ભગતજીને ૧૪૦

૮. 'કોઈએ સભામાંથી ઊઠીને દોડાદોડી કરવી નહિ અને અહીં સભામાં સ્વામી આવે ત્યારે પગે લાગવું.' - પવિત્રાનંદ સ્વામીએ વરતાલ સભામાં કરેલી બંધી ૧૪૮-૧૪૯

૯. ભગતજીની એકાંતિક સ્થિતિનો ખ્યાલ આવી ગયો. ૧૬૨

૧૦. 'ઊંટ મરે તે પહેલાં મારવાડ સામું જુએ છે, તેમ તમને પણ હજુ અમદાવાદની વાસના મટતી નથી.- આણંદમાં થયેલું અપમાન - પંચાળાનું ૩ વચના. ઉપર વાત કરી ભગતજીએ પમાડેલી શાંતિ. ૧૭૫-૧૭૮

૧૧. 'આજ તું મને આજ્ઞા કરે છે એવી જે તારી સત્તા, તે તો ગુણાતીતાનંદ સ્વામીના પ્રતાપથી છે.' ૧૭૯

૧૨. 'હવે ગુણાતીતાનંદ સ્વામીનો ખરો ગુણ આવ્યો છે માટે મહારાજ તેમને ધામમાં લઈ જશે' -
સંવત ૧૯૩૫ના અષાઢ વદિ ૧૦ના દિવસે દેહ મૂકી ગયા. ૧૮૦

**વ્યક્તિત્વ :** મહારાજના પ્રગટ સ્વરૂપને ઓળખી ન શક્યા. પણ ગુણાતીતાનંદ સ્વામી મૂળ અક્ષરબ્રહ્મ હતા તો તેમને તે ઓળખાણ પ્રાગજી ભક્તે દૃઢ કરાવી. મહારાજ અને સ્વામીનું સ્વરૂપ તથા પ્રગટ સ્વરૂપ ભગતજીનું પણ ઓળખ્યું ત્યારે જ મહારાજ ધામમાં તેડી ગયા.

## વિભાગ - ૩ : 'સ્વામીની વાતો' નવી આવૃત્તિના આધારે

**અભ્યાસક્રમની વાતોના ક્રમાંક :** પ્રકરણ ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨

**પ્ર.૧૧ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ ૪)**

**નોંધઃ અડધા સાચા જવાબનાં ગુણ આપવા નહીં.**

૧. ગુણાતીતાનંદ સ્વામી સત્સંગીના છોકરા સામું જોઈને શું બોલ્યા ? (૩/૭૨/૧૩૯)

જ. 'પૂર્વે મોટા મોટા અવતાર થઈ ગયા છે, તે કરતાં તો આ સત્સંગીના છોકરાં સામું જોઈએ છીએ ત્યાં તો કરોડ કરોડ ગણું અધિક દૈવત જણાય છે.'

૨. ગુણાતીતાનંદ સ્વામીના મતે સારામાં સારું શું છે ? (૩/૩૬/૧૧૬)

જ. સારામાં સારું તો આ ભગવાન ને આ સાધુનો સંબંધ થયો છે તેથી કાંઈ સારું નથી ને તેથી સારું સમજવાનું નથી.

૩. બાઈ-ભાઈની સભા નોખી કરવાના પ્રશ્નમાં શ્રીજીમહારાજે શો ઉત્તર આપ્યો ? (૩/૪૭/૧૨૨)

જ. 'હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું ને સુગાળવો છું, તે મારી સૂગ ચડી ગઈ છે, નીકર તો કાંઈ નોખાં રહે એવાં નથી.'

૪. ગુણાતીતાનંદ સ્વામીએ પૂછેલા ચાર પ્રશ્નોનો શ્રીજીમહારાજે શો ઉત્તર આપ્યો ? (૩/૫૬/૧૨૯)

જ. ગુણાતીતાનંદ સ્વામીએ પૂછેલા ચાર પ્રશ્નોનો શ્રીજીમહારાજે એ ઉત્તર આપ્યો કે 'વાતું જ અધિક છે.'

**પ્ર.૧૨ નીચે આપેલા પ્રશ્નોમાંથી કોઈ પણ બેના મુદ્દાસર જવાબ લખો. (પાંચેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

૧. વિષયે કરીને જીવ સોરાઈ ગયા છે તે વાત સ્વામી બાવળિયાનાં દૃષ્ટાંતે શી રીતે સમજાવે છે ? (૫૯/૧૩૦)

જ. 'જેમ રેતીએ કરીને આ બાવળિયો સોરાઈ ગયો છે, પણ તે લાખ યોજનનો સમુદ્ર ભર્યો છે, તેના જળે કરીને લીલો પલ્લવ થાતો નથી, કેમ જે, રેતીએ કરીને સોરાઈ ગયો છે, તેમ જ વિષયે કરીને તો જીવ સોરાઈ જાય છે, પણ મીઠા જળના મહાસમુદ્ર જેવો આ સત્સંગ તેમાં રહીને લીલો પલ્લવ થાતો નથી. ને લોક, ભોગ ને આ દેહ તેણે કરીને તો જીવ સોરાઈ ગયા છે, એમ પ્રત્યક્ષ દેખાય છે.

૨. વર્તમાનકાળે ભગવાનનો શેમાં રાજીપો છે ? (૩૮/૧૧૭)

જ. નટની માયાના વચનામૃતમાં ભગવાનનું સ્વરૂપ નિર્દોષ કહ્યું છે તેવી રીતે મહારાજનું સ્વરૂપ સમજવું ને તેવી રીતે જ આ સંતનું સ્વરૂપ પણ સમજવું ને ભગવાનની આજ્ઞા પાળવી ને રૂડા સાધુનો સંગ રાખવો, તો તેની ઉપર મહારાજ રાજી રાજી ને રાજી જ છે.

૩. ગુણાતીતાનંદ સ્વામીના મતે કોણ આંબા જેવો છે અને કોણ ખીજડા જેવો છે ? અને તેના સમાગમથી શું થાય છે ? (૬૮/૧૩૬)

જ. ગમે તેવો શાસ્ત્રી હોય કે ગમે તેવો પુરાણી હોય, પણ આ પ્રત્યક્ષ ભગવાન ને આ પ્રત્યક્ષ સંત, તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવો છે, ને તેને સંગે ટાઢું કે સુખ થાય જ નહિ અને વિદ્યા પણ બહુ ન ભણ્યો હોય ને અવસ્થા પણ થોડી હોય ને કુળ ઊંચું ન હોય, પણ જો આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈ ને આ સાધુની ઓળખાણ થઈ, તો તે આંબા જેવા છે ને તેને સંગે તો ટાઢું થઈને સુખિયો થઈ જાય છે.

**પ્ર.૧૩ નીચે આપેલા કોઈ પણ બેના દૃષ્ટાંત અથવા પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો.**
**(આઠેક લીટીમાં) (કુલ ગુણ ૬)**

**નોંધ : સિદ્ધાંત મૌલિક રીતે લખવાનો હોવાથી અહીં આપેલા જવાબ સિવાયનો સિદ્ધાંત પરીક્ષાર્થીએ લખેલો હોય તો તે દૃષ્ટાંતને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૨ ગુણ દૃષ્ટાંતના અને ૧ ગુણ સિદ્ધાંતનો આપવો.**

૧. **બ્રાહ્મણના મનસૂબા (૩/૪૪/૧૨૧) દૃષ્ટાંતઃ** ભાલદેશમાં બ્રાહ્મણ ચાલ્યો જતો હતો તેને સામો રબારી મળ્યો. તેણે પૂછ્યું જે, 'મહારાજ, રાજી કેમ થયા છો ?' ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો જે, 'રાજી ન થઈએ ? દસ ગાઉ ચાલ્યા આવ્યા છીએ ને જળ પાસે આવ્યાં છે, તે નહાશું-ધોશું ને ટીમણ કરશું.' ત્યારે તે રબારી બોલ્યો જે, ''હૈયું ફોડ્ય મા, જોડા પહેરીને ચાલ્યો આવું છું ને પાણી તો ઝાંઝવાના બળે છે ! ત્યારે તે બ્રાહ્મણના મનસૂબા સર્વે ખોટા થઈ ગયા. **સિદ્ધાંતઃ** કોઈ પણ વ્યક્તિને સાચું જ્ઞાન ન હોય ત્યાં સુધી ખોટી વસ્તુ પાછળ દોડે છે. પણ તેને કાંઈ પ્રાપ્ત થતું નથી. પણ જ્યારે તેને જ્ઞાન થઈ જાય છે. ત્યારે ખોટી દોડ મૂકી દે છે.

૨. **સમુદ્રનાં છીપ અને મોતી (૩/૬૦/૧૩૧) દૃષ્ટાંત :** જેમ સમુદ્રમાં છીપ રહે છે પણ તેને સમુદ્રનું પાણી ખપતું નથી, તે તો જ્યારે સ્વાંતનાં બુંદ પડે છે, ત્યારે જે ઠેકીને ગ્રહણ કરે છે તે મોતી લાખ રૂપિયાનું થાય છે, ને જે મંદ શ્રદ્ધાએ કરીને ગ્રહણ કરે છે તે તો અધલખાનું થાય છે, ને જે પડ્યું ગ્રહણ કરે છે તે તો ફટકિયું થાય છે, તેમ જ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે.

**સિદ્ધાંતઃ** સાચો મુમુક્ષુ હોય તે ભગવાન કે ભગવાનના સાધુ તે વિના સુખ કે શાંતિ થાય જ નહિ. છીપ જેમ સ્વાંતનાં બુંદ ઝીલે છે તેમ સાચો મુમુક્ષુ શ્રદ્ધાએ કરીને મન, કર્મ, વચને સત્પુરુષનો સંગ કરે છે.

૩. **તીરનો ભાથો (૩/૫૮/૧૨૯-૧૩૦) દૃષ્ટાંત :** એક રાજાએ તીરનો ભાથો મંગાવ્યો ને બોલ્યા જે, 'બળિયામાં બળિયો હોય તે આ તીરના ભાથાને ભાંગી નાખો.' ત્યારે જે બળિયામાં બળિયો હતો તેથી પણ તીરનો ભાથો ભંગાણો નહિ. પછી ભાથામાંથી એક તીર કાઢીને એક ફોશીમાં ફોશી હતો તેને કહ્યું જે, 'ભાંગી નાખ.' ત્યારે તેણે તરત ભાંગી નાંખ્યો. પછી એ રાજાએ મોટા મોટા ઉમરાવને કહ્યું જે, 'જો તમે આ તીરના ભાથાની પેઠે જૂથ રાખશો તો ગમે તેવો શત્રુ હશે તોય તમારો પરાભવ નહિ કરે ને રાજ આબાદ રહેશે.'

**સિદ્ધાંત :** કોઈપણ ક્ષેત્રમાં સંપ અગત્યની વસ્તુ છે. તેમ સત્સંગમાં પણ સંપ ખૂબ જ જરૂરી છે. આપણા અંતઃશત્રુઓને જીતવા માટે પણ સંપ જરૂરી છે. યોગીજી મહારાજ કહેતા અમારે રૂપિયાની જેટલી જરૂર નથી. તેટલી સંપની જરૂર છે. આપણે પણ જ્યાં હોઈએ ત્યાં સંપથી કાર્ય કરવું જોઈએ.

**પ્ર.૧૪ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'નું પ્રમાણ આપી સમજાવો.**
**(આઠથી દસ લીટીમાં) (કુલ ગુણ ૪)**

**નોંધ : (૧) સમજૂતિ મૌલિક રીતે લખવાની હોવાથી અહીં આપેલા જવાબ સિવાયની સમજૂતિ પરીક્ષાર્થીએ લખેલી હોય તો તે પ્રસંગને અનુરૂપ છે કે નહીં તે પરીક્ષકે જાતે નક્કી કરીને તેના ગુણ આપવાના છે. ૧ ગુણ પ્રમાણનો અને ૧ ગુણ સમજૂતિનો આપવા. (૨) ઉકેલપત્રમાં આપેલ સ્વામીની વાત સિવાય અભ્યાસક્રમમાં આવતી સ્વામીની વાતમાંથી બીજી કોઈ પણ વાત પરીક્ષાર્થીએ લખેલ હોય અને તે વિષયને અનુરૂપ આવતી હોય તો તેના ગુણ કાર્યાલયનું ધ્યાન દોરીને મૂકવા.**

૧. **કોઈ માર-માર કરતો આવતો હોય, પણ મુક્તાનંદ સ્વામીનાં દર્શને શાંત થઈ જાય. (૩/૩૪/૧૪૪)**

**પ્રમાણ :** જેની સામું જોઈએ ને વૃત્તિ પાછી વળી આવે ત્યારે છાતી ઠરે છે ને જેની સામું જોઈએ ને વૃત્તિ ચળાયમાન થાય તો તેને દેખીને છાતી ઠરે નહિ.

**સમજૂતિ :** મુક્તાનંદ સ્વામી મહારાજને નિર્દોષ સમજતા હતા, સર્વજ્ઞ જાણતા હતા, તેમની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખતા ન હતા. તેથી તેમના દર્શન માત્રથી મનની વૃત્તિઓ શાંત થઈ જતી હતી. આપણે સત્પુરષને નિર્દોષ સમજીએ, સર્વજ્ઞ જાણીએ, તેમની સાથે કોઈ પ્રકારે અંતરાય ન રાખીએ તો એવા ગુણ આવે.

૨. **વસોના તુલસીભાઈને અંતર ટાઢું ન થયું, જ્યારે બોટાદના શિવલાલ શેઠનું અંતર ટાઢું થયું. (૩/૪૮/૧૨૨)**

**પ્રમાણ :** લાખ મણ લોઢાની લોઢી ધગી હોય તેના ઉપર એક-બે પાણીના ઘડા ઢોળીએ તેણે કરીને ઠરે નહિ. ને ઠારવી હોય તો ગંગાના ધરામાં લઈને નાખીએ તો દસ-પંદર દિવસ સુધી તો હવેલી જેવડી છોળ્યું ઊછળે ત્યારે માંડ માંડ ઠરે. તેમ પંચવિષયે કરીને તો જીવ ધગી જાય છે, તેને એક-બે દિવસ રહીને જાણે જે, ટાઢો કરી જાઉં, એમ ટાઢો થાય નહિ. ને જેને ટાઢો કરવો હોય તેને તો દસ-પંદર દિવસ સુધી તો ફેર ચડ્યો હોય તે ઊતરે ત્યારે વાત માંહિ પેસે, પછી ટાઢું થાય છે.

**સમજૂતિ :** અડધો જગતનો અને અડધો સત્સંગનો યોગ રાખીએ તો ટાઢું ન થાય પણ પૂરેપૂરો સત્સંગનો જ યોગ રાખીએ તો શિવલાલ શેઠની જેમ ટાઢું થાય.

૩. **જનક રાજાની એવી સ્થિતિ થઈ કે સુલભા પ્રત્યે વિકાર ન પામ્યા. (૩/૪૫/૧૨૧-૧૨૨)**

**પ્રમાણ :** ગુરુ કર્યા હોય તો તેના ગુણ આવવા જોઈએ ને ? સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ । પાર્થો વત્સઃ સુધીર્ભોક્તા દુગ્ધં ગીતામૃતં મહત્ ॥ એમ કોઈએ કર્યું છે ? જેમ ભગવાને ગીતાની ગાય કરી ને અર્જુનને વાછડો કરીને દૂધ પાયું, એમ કોઈને ધાવ્યા છો ? અને જેને સામા ધવરાવ્યા હોય તે તો ગુડિયુ વાળે નહિ, ને લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ ને માન એમાં જે ગુડિયું વાળે છે ત્યાં સુધી ગુરુ કર્યા નથી અને ગુરુ કર્યા હોય તે તો ગુડિયું વાળે જ નહિ.

**સમજૂતિ :** જનક રાજાએ અષ્ટાવક્ર ઋષિને ગુરુ કર્યા હતા. પોતાનું મન ગુરુને સોંપ્યું હતું. તેણે કરીને તેમને એવી સ્થિતિ થઈ હતી કે તેમના અડધા અંગને ચંદન ચર્ચે અને અડધા અંગને કાપે તે બેય સમ વર્તતું હતું માટે ગુરુના પ્રતાપે કરીને જનક રાજા **સુલભાને જોઈને વિકારને પામ્યા ન હતા.**

૪. **ગુણાતીતાનંદ સ્વામીએ જાગાભક્તને કહ્યું : 'એક મહારાજનો આકાર દેખાતો નથી. બાકી રોમનોય ફેર નથી.' (૩/૫૩/૧૨૬-૧૨૭)**

**પ્રમાણ :** હમણાં મુમુક્ષુએ દેહ ધર્યા છે, તે મહારાજને આવવું પડે, તે સારું આવરદા વિના મહારાજે મુને રાખ્યો છે, તે અમારે પણ મહારાજનું સુખ એ મુમુક્ષુને દેવું પડે છે.

**સમજૂતિ :** સત્પુરુષ ક્યારેક જ પોતાની ઓળખ આપતા હોય છે. અહીં પણ સ્વામીએ મહારાજને પોતે અખંડ ધારી રાખ્યા છે. તેની ઓળખ આપે છે. મુમુક્ષુ એવા જાગા ભગતને મહારાજનું સુખ આપે છે. મહારાજ તો ક્યારે જતા જ નથી. આ પૃથ્વી પર સત્પુરષરૂપે મુમુક્ષુઓને સુખ આપતાં જ હોય છે. આકાર જુદો હોય છે. તત્ત્વ તો એક જ છે. આપણને પણ પ્રમુખ સ્વામીરૂપે એ જ શ્રીજીમહારાજ અને ગુણાતીતાનંદ સ્વામી સુખ આપે છે.

❑ ❑ ❑